# સફારીના ૩૫ વર્ષ નિમિત્તે લખાયેલી બ્લોગમાળા

*હું સફારીનો વાચક છું, ચાહક છું. એટલે સફારીના 35 વર્ષ પુરાં થયા ત્યારે મને સફારી વિશેની એક સિરિઝ લખવાનું મન થયુ હતું. એ આ સિરિઝ છે. મારા બ્લોગ પર ક્રમબદ્ધ રીતે અગિયાર હજાર શબ્દો કરતા વધારે શબ્દો મેં 18 ભાગમા લખ્યા હતાં.*

*મારા જેવા સાફારીના અનેક વાચકો હશે. એ સૌ વાંચી શકે એટલા હેતુથી તમામ ભાગો એકઠા કરીને અહીં પીડીએફ સ્વરૂપે મૂક્યા છે. તમને ઠીક લાગે એમને આ પીડીએફ મેઈલ કરી શકો છો. અને ઠીક લાગે તો પ્રતિભાવ પણ આપી શકો છો.*

- લલિત ખંભાયતા

lalitgajjer@gmail.com [099797-58109]

# અનુક્રમ


સફારીના ૩૫ વર્ષ નિમિત્તે લખાયેલી બ્લોગમાળા........ 1
1. એક વખત એવું બન્યું કે, 5 વર્ષમા 16 વખત ફેરફાર પામીને સફારી ગુજરાતી ભાષાનું ટ્રેન્ડસેટર મેગેઝિન બન્યું. ..... 3
2. સંપાદકે પોતાની સાચી ઓળખ આપવામાં ૧૭૮ અંકો જેટલી વાર લગાડી!........ 7
3. સફારીઃ જ્ઞાનના અંબાર પર સજાવટનાં ફૂલડાં ........ 9
4. સતત આઠ વર્ષ સુધી 'સફારી'ની કિંમતમાં વધારો થયો ન હતો! ........ 11
5. સફારીની કિંમત દસ રૃપિયા ન હતી, ત્યારે જોક્સનું વળતર દસ રૃપિયા અપાતુ હતું! ........ 12
6. જડયુ છે, જાણી લો, એક વખત એવુ બન્યું, કેવું છે? –સોંસરવા ઉતરતા 'સફારી'ના હેડિંગ! ........ 13
7. ઘેરબેઠાં જાતે બનાવો (અને મગજને તાર્કિક દિશામાં વાળો)!........ 17
8. ફેક્ટફાઈન્ડરમાં પહેલો સવાલ શું હતો? ........ 18
9. એવરગ્રીન સવાલઃ સફારીના લેખકો કોણ કોણ છે? ........ 20
10. અન્ય પ્રકાશનોઃ સફારી સિવાયનું સફારી વિશ્વ ........ 21
11. ત્વચા ગોરી કરવા ફલાણુ ક્રીમ લગાડો –હવે સફારીમાં જાહેરખબરો કેમ નથી આવતી?........ 23
12. સફારીના વિભાગોઃ સમાયા છે, એક 'સફારી'માં અનેક સફરનામા! ........ 24
13. જુના અંકોઃ કોઈ તો બતાવો અમને એક કવર! ........ 28
14. કોઈ કહી શકશે 'સફારી'મા તંત્રીનો ફોટો કેટલી વખત છપાયો છે?........ 29
15. સફારીના પાત્રોઃ ઓછા થયા છે, પણ ભૂલાયા નથી.. ........ 30
16. અંગ્રેજી સફારીઃ આશાના કિરણો બંધ નથી થતાં ........ 31
17. સફારીનું ડિઝિટલ વર્લ્ડઃ વેબ, બ્લોગ, મેઈલ, પેજ..!........ 31
18. પ્રકરણ છેલ્લું: સફારી વિશે જાણવા જેવી, પણ ન જાણી હોય એવી 17 વાતો! ........ 33

# 1. એક વખત એવું બન્યું કે, 5 વર્ષમા 16 વખત ફેરફાર પામીને સફારી ગુજરાતી ભાષાનું ટ્રેન્ડસેટર મેગેઝિન બન્યું.

*(સફારી મેગેઝિને આ મહિને 35 વર્ષ પુરાં કર્યાં છે. એ નિમિત્તે આપણે સફારીની 35 વર્ષની સફરમાં પ્રવાસ કરીએ. અહીં નિયમિત રીતે સફારી અંગે કેટલાક લેખો મૂકવા છે. સફારીની વાત હોવાથી સફારીની ક્ષમા સાથે કેટલીક સફારી પ્રેરિત સ્ટાઈલો પણ અપવાની છે. એમ કરવાનો ઉદ્દેશ માત્ર વાતને કલાત્મક રીતે રજૂ કરવાનો છે. તો એવા ઉદ્દેશ સાથે માણો આનંદ..)*

**સફારીના 35 વર્ષ – ભાગ 1**

એક વખત એવું બન્યું કે ગુજરાતના ઘણા બુક સ્ટોર પર એક સાથે નવું મેગેઝિન ડિસ્પ્લેમાં મૂકાયુ. ગુજરાતમાં એ વખતે ઘણા મેગેઝિનો હતાં, માટે નવાં મેગેઝિનની કોઈ નવાઈ ન હતી.

છતાં પણ મેગેઝિનની વાંચન સામગ્રી વિશિષ્ટ હતી. કલ્પનાકથાઓને બદલે જ્ઞાન-વિજ્ઞાન પર તેમાં વિશેષ ભાર આપવામાં આવ્યો હતો. કિંમત તો માત્ર ત્રણ જ રૂપિયા હતી, પણ તોય એ વખતના ગુજરાતી વાચકોને એ કિંમત માફક આવવાની ન હતી. એ મેગેઝિનનું નામ ‘સફારી’.

---

કુમાર, અખંડ આનંદ, નવનિત સમર્પણ, અભિયાન, ચિત્રલેખા જેવા મેગેઝિનો હતાં. તો વળી કલ્પનાકથા કહેતાં ચંપક, ચાંદામામા, નિરંજન જેવા સામયિકોનો પણ પાર ન હતો. એ બધા વચ્ચે સફારીની શી જરૂર પડી? તેનો જવાબ સફારીના શતાંકના સંપાદકના પત્રમાંથી મળી રહે છે. --હર્ષલ પબ્લિકેશનનું સ્કોપ ત્યારે વંચાતુ હતુ. ખૂબ વંચાતુ હતું. પણ તેમાં વિજ્ઞાનના ભારેખમ વિષયોને વધારે મહત્ત્વ મળતુ હતું. સ્વાભાવિક રીતે જ વિજ્ઞાન ગમે તેવી સરળ ભાષામાં લખાયુ હોય તો પણ બાળકોને સીધો તેમાં રસ પડે નહીં. એ માટે બાળાકર્ષણો ઉભા કરવા પડે. નગેન્દ્ર દાદા એ વાત બરાબર સમજી ગયા અને એટલે જ એમણે જેમાં વિજ્ઞાન પણ હોય અને વિજ્ઞાન સુધી દોરી જતાં બાળકોને આકર્ષક લાગે એવા વિષયો પણ હોય એવુ મેગેઝિન વિચાર્યું. અને એમાંથી જનમ્યુ આપણું સૌનું લાકડવાયુ ‘સફારી’ જે હવે ૩૫ વર્ષની સફર પૂરી કરી ચૂક્યુ છે.
સફારીના પહેલો અંક આજે અત્યંત દૂર્લભ છે. ક્યાંય મળતો નથી, જોવાય મળતો નથી. પણ તેનું કવર સુલભ છે. સફારીમાં જ વારંવાર કવર છપાયુ છે. એ કવરના આધારે જ આપણને એટલી ખબર પડે છે કે અંક નંબર ૧નો મુખ્ય લેખ (સફારીની ભાષામાં ફ્લેગશિપ) રોબોટ અંગેનો હતો. પાનાં ખાસ્સા ૮૦ હતાં, એટલે કલ્પના થઈ શકે છે, કે તેમાં રિડિંગ મટિરિયલ ખાસ્સુ હશે.

પહેલા અંકના તંત્રીના પત્રમાં જ તંત્રીએ સ્પષ્ટતા કરી હતીઃ 'આ અંકથી એક નવા બાળપાક્ષિકનું પ્રકાશન શરૂ થાય છે. નવા પ્રકારનું એટલા માટે કે તેમાં રાજા-રાણીની કે વેતાળની વાતો નથી. પરીકથાઓ નથી કે કપોળકલ્પિત કહાણીઓ નથી. અંધશ્રદ્ધા ફેલાવે તેવાં ગપગોળા નથી કે સસ્સારાણાનાં ઉપજાવી કાઢેલા સાહસો નથી. આ બાળપાક્ષિક તો દર અંકે તેના સૌ બાળમિત્રોને જ્ઞાન-વિજ્ઞાનની સફરે લઈ જશે–અને એટલે જ તેનું નામ સફારી છે.

દુનિયામાં એટલી બધી અજાયબીઓ છે કે તેમના વિશે જાણીએ તો ચકિત્ થઈ જઈએ. એક જમાનામાં એ બધુ જાણવા માટે હ્યુએન ત્સાંગ, માર્કો પોલો, રોબર્ટ પિઅરી, કોલમ્બસ વગેરે જિજ્ઞાસુ સાહસિકો નીકળી પડયા હતાં. કોઈ પગપાળા નીકળ્યા, તો કોઈ વહાણોના સઢ પલાણીને મધદરિયે હંકાર્યા.

આજે માનવીએ પોતાની જિજ્ઞાસા સંતોષવા માટે સાહસો ખેડવાની જરૂર નથી અને સફારીના વાચકોએ તો આરામાખુરશીમાંથી પણ ઊભા થવાની જરૂર નથી, કારણ કે મહિનામાં બે વખત સફારી તેમને આરામખુરશીમાં બેઠા બેઠા જ જ્ઞાન-વિજ્ઞાનની સફર કરાવશે અને અવનવી માહિતીઓનો ખજાનો તેમની સામે હાજર કરી દેશે. કોઈ માહિતી ભૂગોળ વિશે, તો કોઈ ઇતિહાસ વિશે, કોઈ સમુદ્ર વિશે, તો કોઈ અવકાશ વિશે, કોઈ પ્રાણી વિશે, તો કોઈ વનસ્પતિ વિશે.'

એ પછી તંત્રીએ શું લખ્યુ હતું તેની વિગત મારી પાસે નથી, કેમ કે અંક પણ નથી. પરંતુ ૩૦ વર્ષ નિમિત્તે ૨૦૭ નંબરના અંકમાં આ લખાણ રજૂ કરવામાં આવ્યુ હતું. પણ એ વખતે વાંચીને વાચકોને એટલુ જરૂર સમજાયુ હશે કે આ સામયિક જરા નોખી ભાતનું છે. અને એટલે જ આગળ જતાં ટ્રેન્ડ સેટર સાબિત થવાનુ હતું. આજની જેમ વળી ત્યારે એ સામયિક માસિક ન હતું. એટલે જો વાચકોએ ત્યારે જ સ્વીકારી લીધું હોત તો સફારીના વાચકોને એક મહિનો સુધી રાહ જોવી પડે છે એ સ્થિતિ નિવારી શકાઈ હોત!

સફારી નામની આજે તો નવાઈ નથી, પણ ત્યારે હતી. પી.રમણ નામના ચિત્રકારે દોરેલું એ એ નામ પસંદ કરવા પાછળનો ખુલાસો વર્ષો પછી નગેન્દ્રદાદાએ કોઈ એક તંત્રીના પત્રમાં કર્યો હતો. એ પ્રમાણે સફરે લઈ જાય એવુ સામયિક એટલે સફારી. સફારી પ્રકારનો પોષાક પણ સફારી શબ્દ સાથે સબંધ ધરાવે છે, એ વાત નગેન્દ્રદાદાનો ઉર્વીશ કોઠારીએ લીધેલો (અને સાર્થક જલસોમાં છપાયેલો) ઈન્ટર્વ્યૂ વાંચ્યો હશે એ સૌ કોઈ સમજી શકશે.

--------

તો પહેલો અંક માર્કેટમાં આવ્યો.. પછીના પખવાડિયે બીજો આવ્યો, ત્રીજો અને ચોથો પણ આવ્યો. વધુ પાનાં, વધુ વાંચન અને સમૃદ્ધ વાંચન ધરાવતુ સફારી ગુજરાતી વાચકોને ખાસ માફક આવ્યુ નહીં. હા થોડાક વાચકોએ સફારીની ખૂબ સરાહના કરી. પણ એ થોડાક વાચકો એટલા ઓછા હતાં કે સફારીનું અર્થતંત્ર બ્રેકઈવન પોઈન્ટની રેખાથી આંબે એ પહેલાં અટવાઈ પડતુ હતું. તંત્રીએ એ સંજોગોમાં 'સ્કોપ'ના પ્રકાશન પર પણ વિપરિત અસર ન થાય એ હેતુથી સફારીનું પ્રકાશ એ વખતે અટકાવી દીધું, વેકેશન આવશે ત્યારે પ્રકાશિત કરીશું, એવો વિચાર પણ રિઝર્વ રાખ્યો. પણ સફારી દ્વારા કક્ષાત્મક વાંચન ગુજરાતી વાચકોને આપવાની ગાંઠ સફારીના તંત્રીએ મનમાં વાળી લીધી હતી. એટલે ફરી સફારીનો અંક નંબર ૫ પ્રગટ થયો. એ પછી નંબર ૬ પણ આવ્યો. પણ તેની સામગ્રી કે કવર કશુંય આપણી પાસે નથી.

એ અંકો જોકે થોડા-ઘણા ચાલ્યા. ખાસ તો વાચકોમાં તેનો ઈન્તઝાર વધ્યો અને સફારીને પણ સફર ચાલુ રાખવાનું પ્રોત્સાહન મળ્યું. પરંતુ અર્થતંત્ર ફરીથી અવળી કાઠીએ બેસતુ હતું. અંક નંબર ૬ પછી સફારીનું પ્રોડક્શન સ્ટોપ પ્રેસ થયું.

જુલાઈ ૧૯૮૬માં ફરીથી (પ્રથમ અંકના ૬ વર્ષે) સફારીએ ગુજરાતભરના બૂક સ્ટોરમાં હાજરી નોંધાવી. એ અંકમાં જ તંત્રીએ સ્પષ્ટતા કરી હતી કે મેગેઝિન અઠવાડિયે કે પખવાડિયે નહીં, દર મહિને પ્રગટ થશે. સફારીના લાંબા આયુષ્ય માટે એ નિર્ણય આવશ્યક હતો. વર્ષો પહેલા માર્કેટિંક ભણી ચૂકેલા તંત્રી પાસે વાચકો આકર્ષાય એ માટે એકથી એક ચડિયાતી સ્કીમો હતી.

સાતમા અંકમાં વાચકોને વિમાન જાતે બનાવી શકાય એ માટે આખુ પુસ્તક આપવામાં આવ્યુ હતું (પુસ્તક બે ભાગમાં હતું, બીજો ભાગ અંક નંબર ૮ સાથે હતો). યાદ રહે કે નાની ઊંમરથી જ ટકોરાબંધ વાંચન તરફ બાળકો વળે એ સફારીનો ઉદ્દેશ હતો, બાકી મોટી ઊંમરના વાચકો માટે તો 'સ્કોપ' હતું જ ને! અને નાની ઊંમરના વાચકો એટલે બાળકો તો જ સફારી તરફ આકર્ષાયેલા રહે જો તેમને દર અંકે જ્ઞાન સાથે કશુક મનોરંજન મળતુ રહે. એટલા માટે આવી સ્કીમો આપવી જરૂરી હતી. અલબત્ત, એક વખત સફારી વાંચી લીધા પછી વાચકો માટે બીજુ બધુ ગૌણ બની જતું હતું, એ અલગ વાત છે. પણ એક વખત બાળકોના હાથમાં સફારી પહોંચાડવુ રહ્યું.

સાતમા અંકના કવર પર પણ મુખ્ય આકર્ષણ તરીકે મોડેલ વિમાન જ છાપવામાં આવ્યુ હતું. અંકમાં અનુક્રમ હતો અને અંદર તો નદી પર બંધ બાંધતુ બીવર, સૌથી મોટુ ઈંડુ વગેરે જેવા અનેક લેખો હતા. અંકની કિંમત જોકે માત્ર પાંચ જ રૂપિયા હતી. સફારીના પહેલા જ અંકથી શરૂ થયેલા ગેલ-ગમ્મત-ગપસપ વિભાગમાં વાચકો ટૂચકા લખી મોકલી શકતા હતાં. અને જે અંકની કિંમત પાંચ રૂપિયા હતી તેની તંત્રી નોંધમાં તંત્રીએ લખ્યુ હતું કે ટૂચકા લખી મોકલનાર વાચકને છપાયેલા દરેક ટૂચકાદીઠ સફારી દસ રૂપિયાનો પુરસ્કાર આપશે. એટલે કે કોઈ વાચક એક સારો ટૂચકો પણ મોકલી શકે તો તેને સફારીના બે અંકો જેટલી આવક થઈ જાય. પાછળથી સફારીએ ટૂચકા માટે વળતર વધારીને ૨૫ રૂપિયા કર્યું હતું અને ત્યારે સફારીની કિંમત ક્યાંય ઓછી હતી. વાચકોને સતત સમૃદ્ધ વાંચન આપતા રહેવાની સફારીની પ્રતિબદ્ધતા આ વાત પરથી સમજી શકાય એમ છે.

મહિના પછી ઓગસ્ટ, ૧૯૮૬માં સફારીનો આઠમો અંક પ્રગટ થયો. એ અંકમાં ચિત્રવાર્તા આપવાની શરૂઆત થઈ હતી. ટીમ ટાઈલરના પરાક્રમોએ ધૂમ મચાવી એટલે સફારીનું વેચાણ ઊંચકાયુ. સાતમા તથા આઠમા અંકના ઠીકઠીક વેચાણને કારણે નવમો અને દસમો અંક પણ નીકળ્યો. ત્યાં વળી કાગળના ભાવમાં વધારો થયો અને સફારીનું અર્થતંત્ર ફરી બ્રેકઈવન રેખાએ આવતા આવતા ઊંડી ડૂબકી મારી દૂર નીકળી ગયું. કાગળના ભાવમાં જરા સરખો વધારો કોઈ પણ પ્રકાશનના અર્થતંત્રના ચક્રો રાતોરાત અવળા ફેરવવા સક્ષમ હોય છે. કેમ કે સામયિક કે અખબાર છાપવા માટે ટનબંધ કાગળ જોઈએ, એમાં જરા સરખો ભાવ વધારો આવે ત્યાં ટનના હિસાબે વપરાતા કાગળના બીલમાં હજારો લાખોનો ફરક પડવા માંડે.

સફારીએ ફરી પ્રોડક્શન બંધ કર્યુ, પણ તંત્રીના મનમાં ગણતરી સ્પષ્ટ હતીઃ આજે ભલે બંધ થયું, કાલે તો ફરી શરૃ થઈ શકશે ને? વાચકો સફારી જેવા વાંચનથી વિમુખ થાય એવી તંત્રીની જરા પણ ઈચ્છા ન હતી, પણ સંજોગો સામે બાંયો ચડાવાનો કોઈ મતલબ ન હતો.

૧૯૯૨ના મે મહિનામાં સફારીનું ફરી પ્રાગટય થયું. અંક નંબર અગિયાર, કિંમત રૃપિયા છે. વિવિધ લેખો સાથે તેમાં એક બોર્ડ ગેમ પણ હતી. સફારીનો એ અંક સારો વેચાયો અને એટલે જ બારમા અંકનો ગર્ભ બંધાયો. સાથે સાથે સફારીના કાર્યાલયમાં નવા સભ્યનો ઉમેરો થયો. એ સભ્ય આજે સફારીના સંપાદક છે, નગેન્દ્ર વિજયના પુત્ર છે, વિજયગુપ્ત મૌર્યનના પૌત્ર છે અને ખાસ તો સફારીના જ્ઞાન વારસાની પરંપરાનો એ નવો સુર્યોદય હતો.

સફારીનું તંત્ર વ્યવસ્થિત ગોઠવાયું અને આખરે પહેલો અંક નીકળ્યાના બાર વર્ષ પછી સફારીને લવાજમ મળ્યું. વડોદરાના કોઈ પ્રવીણ બી. પટેલ સફારીના પહેલા લવાજમ ભરનાર બન્યાં. એ વખતે લવાજમ ૧૦૦ રૃપિયા હતું. પણ સફારીને એ એ ૧૦૦ રૃપિયા મેળવવા માટે બાર બાર ચોમાસા સુધી રાહ જોવી પડી હતી.

માહિતી લેખ લખવા માટે જો સત્તાવાર માહિતી મેળવવી હોય, સંશોધનમાં ઊંડા ઉતરવું હોય, વાચકોને સમજાય એવું લખવાનો આગ્રહ રાખવો હોય તો એ માટે મહેનત તો બહુ કરવી જ પડે, પણ ખર્ચોય કરવો પડે. સફારીએ હંમેશા એ કર્યુ છે. સાર્થક પ્રકાશની સ્થાપના વખતે સ્ટેજ પરથી બોલતી વખતે સફારીના તંત્રી નગેન્દ્ર દાદાએ વાત બહુ ચોટદાર શબ્દોમાં કહી હતી.

હાથમાં એક કાગળ રાખીને નગેન્દ્ર વિજય બોલ્યા હતાં.. અમે પુસ્તકો મંગાવીએ એના ખર્ચા બહુ મોંઘા હોય છે. જેમ કે મારા હાથમાં જે બીલ છે, એ એક પુસ્તકનું છે અને તેની કિંમત ૬૫ હજાર કરતાં વધારે (એક પુસ્તકની જ) છે. એ અમારી (સફારીની) મજબૂરી છે અને એ જ અમારી મજબૂતી છે! (બાય ધ વે એ પુસ્તક યુદ્ધજહાજોના જ્ઞાનકોષનો એક ભાગ હતો).

નોંધવા જેવી વાત એ કે સફારીને મળતું દરેક લવાજમ ખરેખર તો વાચકનું રોકાણ છે. કેમ કે સફારી પાસે જેવી મૂડી એકઠી થાય કે તુરંત સફારી તેનો ઉપયોગ વાચકોના હીતમાં કરે. જેમ કે અંક નંબર ૩૧-૩૨થી વેચાણ વધ્યુ અને આવક થઈ તો તેનો ઉપયોગ કરી સફારીના કવર ગ્લોસી પેપર પર છાપવાનું નક્કી કર્યું. તેનાથી આકર્ષકતા સાથે સફારીનું ટકાઉપણુ પણ વધી જતું હતું. અને સફારીના વાચકો માટે સફારીમાં પિરસાતા જ્ઞાન સાથે સફારીનું ટકાઉપણુ પણ એટલું જ મહત્ત્વનું પાસું છે.

પછી તો સફારીમાં નવાં નવાં વિભાગો આવ્યા, વિવિધ લેખમાળાઓ આવી, એકથી એક ચડિયાતા લેખો આવ્યા અને વાચકોને દર અંકે ચિત્ત કરી દેવાની પરંપરા શરૃ રહી. દરમિયાન કાળક્રમે સમય સાથે સાવધાની વર્તીને સફારીએ પોતાના કલેવરમાં ૧૬ વખત ફેરફાર કર્યો છે અને એટલે જ ૩૫ વર્ષ સુધી પહોંચી શકાયુ છે. હવે સફારી ગુજરાતી ભાષાનું 'ટ્રેન્ડ સેટર' મેગેઝિન બની ગયું છે, તેની કોઈ ના નહીં કહી શકે. એટલે જ ૨૦૦મા અંકમાં ફરી વખત તંત્રી અને સંપાદકે સફારીને ટકાવી રાખનારા ગુજરાતી વાચકોનો આભાર માન્યો હતો.

એ બધી વાતો અહીં વિગતવાર એક પછી એક હપ્તામાં કરવાની જ છે.  કેમ કે સફારીના ૩૫ વર્ષ થાય એ ગુજરાતી ભાષાની એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને શકવર્તી ઘટના છે. સફારીના વાચક તરીકે મારે તો તેની ઉજવણી કરવી જ રહી..

---

# 2. સંપાદકે પોતાની સાચી ઓળખ આપવામાં ૧૭૮ અંકો જેટલી વાર લગાડી!

સફારીના વાચકો કવરથી માંડીને છેલ્લા કવર પર લખેલો સફારીનો આરએનઆઈ નંબર શુદ્ધાં વાંચી નાખે છે. એટલે તંત્રીનો પત્ર બાકાત રહે એવું તો શક્ય જ નથી. અંક નંબર ૭૬ સુધી 'તંત્રીનો પત્ર' આવતો હતો અને એ પછીથી 'સંપાદકનો પત્ર' આવે છે. એ પત્રમાં ઘણું કરીને કોઈ મુદ્દાની વૈચારીક છણાવટ થતી હોય છે. પણ શરૃઆતના અંકોમાં એવુ ન હતું. શરૃઆતના અંકોમાં તંત્રીનો પત્ર જાણકારી આપવાનું કામ કરતો હતો અને તંત્રીના પત્રનું કદ ખાસ્સુ નાનું રહેતું. પત્રની બાજુમાં કે ઉપર સફારીના આગલા અંકનું કવર પેજ છાપવામાં આવતુ હતું (હવે એ પત્ર વિભાગમાં આવે છે).
તંત્રીના પત્રમાં સફારીની કોયડા સ્પર્ધાના ઈનામો, સફારીના વાચકોની વિવિધ જીજ્ઞાસાઓના ખુલાસા, સફારીની વિવિધ સ્કીમોની જાણકારી આપવામાં આવતી. સફારીના વાચકોની કાયમી ફરિયાદ રહેતી-રહે છે કે સફારીનો નવો અંક મેળવવા એક મહિનો રાહ જોવાતી નથી. તેના જવાબો પણ વારંવાર તંત્રીના પત્રમાં આપવામાં આવ્યા છે. શરૃઆતમાં તંત્રીના પત્રમાં એવા પણ ખુલાસા કરવા પડયાં હતાં કે સફારીમાં અપાતી માહિતી તદ્દન સાચી છે (અંક ૨૩) માટે અચરજ અનુભવો, અવિશ્વાસ નહીં!
અંક નંબર ૬૫નો પત્ર વિશિષ્ટ હતો. કેમ કે તેમાં તંત્રીએ લખ્યુ હતું કે ખુદ સફારી પાસે શરૃઆતના ૧થી ૯ નંબરના અંકો નથી. તો કોઈ વાચકો પાસે હોય તો આપવા મહેરબાની કરે.

પછી કોઈ વાચકોએ આપ્યા પણ હશે. સફારી માટે એ સમસ્યા જોકે નવી ન હતી. સાર્થક જલસોમાં છપાયેલા ઈન્ટર્વ્યૂમાં નગેન્દ્ર દાદાએ કહ્યું છેઃ 'સ્કોપના પહેલા દસ અંકોની કિંમત રૃપિયા ૪૦ આસપાસ થાય, પણ અમારે એ બ્લેકમાંથી રૃપિયા ૫૫૦ ચૂકવીને ખરીદવા પડયાં હતાં!'

સંપાદકનો પત્ર શરૃ થયા પછી સંપાદકે સફારીના તંત્રી અંગે પ્રસંગોપાત લખાણ રજૂ કરીને વાચકોને થોડો-ઘણો પરિચય કરાવ્યો છે. જેમ કે સવાસોના અંકના સંપાદકના પત્રમાં લખ્યુ છે, 'વાચકો અને તંત્રી બે પાયા પર સફારીનું સામ્રાજ્ય ઉભું છે.'

નગેન્દ્ર વિજય નાગરિક સન્માન કાર્યક્રમની નોંધ કરતાં લખ્યુ છેઃ 'આજીવન શિષ્યભાવ ધરાવતા નગેન્દ્ર વિજય ગુરુ તરીકે મળ્યાં એ મારુ સદ્નસીબ છે. વાચકોને મારે એટલું જ કહેવાનું કે તમારામાં રહેલા શિષ્યભાવને ઓળખો અને તેને બહાર લાવો. એક વખત તે બહાર આવે પછી કોઈ વિષય અઘરો કે અસ્પૃશ્ય રહેશે નહિં.' (અંક નંબર ૧૩૧)

સંપાદકનો પત્ર અંક નંબર ૧૪૬માં એક પાનાંથી આગળ વધીને બીજા પાના સુધી પહોંચ્યો હતો. પત્રમાં નર્મદા પરના સરદાર સરોવર બંધ અને તે અંગેના ફાલતુ વિવાદની વાત હતી. પછીના અંકનો સંપાદકનો પત્ર પણ એ રીતે લાંબો જ હતો. ૧૭૪મા અંકનો સંપાદકનો પત્ર તો પુરા પોણા બે પાનાંનો હતો. તેમાં સંપાદકે નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ સિસર્ચ એન્ડ ટ્રેઈનિંગના પુસ્તકોમાં છપાયેલા ભારતના ઈતિહાસના જુઠ્ઠાણાઓ વિશે વિગતવાર વાત કરી હતી.

નગેન્દ્ર વિજય પત્રકારત્વમાં ૧૯૫૮ના ડિસેમ્બરમાં સક્રિય થયા હતાં. એ હિસાબે અત્યારે તેઓ પત્રકારત્વનું ૫૭મું વર્ષ ખેડી રહ્યાં છે. ૫૦ વર્ષ પુરા થયા ત્યારે અભિનંદન સાથેની નોંધ (અંક ૧૭૬-જાન્યુઆરી ૨૦૦૯) સંપાદકના પત્રની નીચે હતી. ૧૭૮મા (માર્ચ ૨૦૦૯) અંકનો સંપાદકનો પત્ર તો ઓર વિશિષ્ટ છે. કેમ કે તેમાં વિજયગુપ્ત મૌર્યની જન્મશતાબ્દીની નોંધ છે. ૧૯૦૯માં જન્મેલા વિજયગુપ્ત મૌર્યનો ટૂંકો પરિચય તેમાં રજૂ કરાયો છે. છેલ્લા પેરેગ્રાફમાં સંપાદકે ખુલાસો કર્યો હતો કે વિજયગુપ્ત મૌર્ય સંપાદકના દાદા થાય. પિતા-પુત્ર-દાદા-પૌત્રનો એ સબંધ સ્વાભાવિક રીતે સફારીના ઘણાખરા વાચકો માટે અજાણ્યો હતો. એટલે પછીના અંકમાં વાચકોએ પત્રમાં વિજયગુપ્ત મૌર્ય જન્મ શતાબ્દી અંગે રાજીપો વ્યક્ત કર્યો હતો.

અપૂર્વ ભટ્ટ નામના એક વાચકે તો બહુ સરસ રીતે લખ્યુ હતું, 'સંપાદકે પોતાની સાચી ઓળખ આપવામાં ૧૭૮ અંકો જેટલી વાર લગાડી.' પછીના અંકમાં (૧૮૦) શેરખાનની જાહેરાત હતી. જેમાં એક લાઈન મહત્ત્વની હતી કે વિજયગુપ્ત મૌર્યની જન્મશતાબ્દિ નિમિત્તે નગેન્દ્ર વિજયના હસ્તાક્ષરવાળી શેરખાનની પ્રત મેળવવા સંપર્ક કરો! પછી તો મુંબઈમાં વિજયગુપ્ત દાદાને શ્રદ્ધાંજલિનો એક કાર્યક્રમ પણ યોજાયો હતો.

શતાંકમાં સૌથી લાંબો સંપાદકનો પત્ર હતો. ત્રણેક પાનામાં ફેલાયેલો. સફારી શા મટે શરૃ થયુ તેનો જવાબ પણ તેમાં હતો. તંત્રીના પત્ર બંધ થયા પછી તંત્રીને જે કહેવું હોય એ આમ તો એમના લેખમાં કહેવાઈ જાય છે. પણ જરૃર પડયે અલગથી નોંધ પણ મૂકી છે. જેમ કે ૨૫૦માં અંકમાં રૃવાડાં ઉભા કરતી સેલ્યુલર જેલની કથાના અંતે નગેન્દ્ર દાદાએ લખ્યુ છે, 'મને અનેક ફિલ્મો જેયા પછી સૌથી વધારે ગમેલી ફિલ્મ છે, સજા-એ-કાલાપાણી.' સ્વાભાવિક રીતે સફારીના અનેક વાચકોએ અંક પછી એ ફિલ્મ શોધીને જોઈ હતી અને જોઈ હોય એમણે ફરી જોઈ હતી.

# 3. સફારીઃ જ્ઞાનના અંબાર પર સજાવટનાં ફૂલડાં

બૂક સ્ટોર પર ગોઠવાયેલા ઘણા મેગેઝિનો વચ્ચેથી તમને સફારી તરત મળી આવે છે? જો હા, તો તેના બે કારણો હોઈ શકે. એક તો તમારી આંખો સફારી જ શોધી રહી છે અને બીજું સફારીના કવર આકર્ષક અને અનોખા હોય છે, એટલે શોધવાનું પ્રમાણમાં સરળ રહે છે. પણ કવર એમ જ અનોખુ નથી બનતું.

બદલાતા સમય સાથે સફારીના કવર સતત બદલાતા રહ્યાં છે. જેમ કે શરૂઆતમાં કવર પર એક જ ચિત્ર રહેતું. પહેલા અંકમાં રોબોટ જ હતો ને. એ પછી ચિત્રો-રેખાચિત્રોની ભીડભાડ વધવા માંડી. અંદર સમાવેલા વિષયોના ફોટોગ્રાફ્સ પ્રતિનિધિ તરીકે કવર પર હાજર રહેતા હતાં. જોકે ફોર અ ચેન્જ અંક ૪૯ના કવર પર કાજિયા પક્ષીના ફોટાને બદલે એસ.એમ.ફરીદે બનાવેલું ચિત્ર મૂક્યુ હતું. 'ગુજરાત સમાચાર'માં મન્નુ શેખચલ્લી તરીકે હાસ્ય કોલમ લખતાં લલિત લાડ ડિઝાઈનર પણ છે. તેનો પરિચય અંક નંબર ૫૦માં મળે છે. સફારીના એ અંકનું કવર તેમણે તૈયાર કર્યું છે અને તેમની ક્રેડિટ પણ તંત્રી લેખ નીચે અપાઈ છે. બીજા કેટલાક અંકોમાં પણ તેમને ક્રેડિટ અપાઈ છે. પછી તો સંપાદકે ખુદ જ કવરની સજ્જા હાથમાં લીધી એટલે સફારીના મુખપૃષ્ઠની ડિઝાઈનમાં હર્ષલ પુષ્કર્ણાનું નામ આવે છે. જોકે આજે ડિઝાઈન લખાય છે પણ એક સમયે 'મુખપૃષ્ઠ આયોજન' એમ લખાઈને આવતું હતું!

સફારીના કવર પર એક મુદ્દા પર ધ્યાન આપ્યું છે? એ મુદ્દો એટલે ખુદ સફારી શબ્દની લખાવટ. જે રીતે સફારી શબ્દ લખાયો છે એ નાવિન્યપૂર્ણ જ છે ને! સંભવત એમાં ક્યારેય ફેરફાર થયો નથી, હા તેનો કલર બદલાતો રહ્યો છે, પણ મરોડ એમ જ રહ્યાં છે. એ મરોડદાર ત્રણ અક્ષરો હકીકતે પી.રમણ નામના કોઈ કળાકાર-ચિત્રકારે તૈયાર કર્યા છે. એક સમયે સફારીમાં ઈનામી કોયડા સ્પર્ધા હેઠળ રંગીન પોસ્ટરો અપાતાં હતાં. એ પોસ્ટરો પણ રમણ તૈયાર કરતાં હોવાની નોંધ ૭૨માં અંકના સંપાદકિયમાં મળે છે. 'સ્કોપ'ના અંકોમાં તો તેમની ક્રેડિટ પણ વાંચી છે. હવે સફારીનું પહેલું અને છેલ્લુ કવર અત્યંત આકર્ષક હોય છે, એટલે હાથમાં લેવાનો અનોખો રોમાંચ અનુભવી શકાય છે.

બદલાતા સમય સાથે સફારીમા અંદર લખાણમાં વપરાતા ફોન્ટ (ટાઈપ) પણ બદલાતા રહ્યાં છે. કોઈ પણ છપાયેલા લખાણના ફોન્ટ જો આકર્ષક ન હોય તો વાંચવાની એટલી બધી મજા આવતી નથી. બે લીટી વચ્ચે જગ્યા રાખવી, બે શબ્દો વચ્ચે જગ્યા રાખવી, શબ્દ-વાક્યને ઓછી જગ્યામાં સમાવવું કે કોઈ ચોક્કસ ભાગ બોલ્ડ કરવો.. એ બધી ટાઈપોગ્રાફી-પેજ સેટિંગની કામગીરી છે. દરેક અખબાર-સામયિકે તેના પર ધ્યાન આપવું જ પડે છે. કેમ કે હવે જમાનો માત્ર સળંગ લખાણનો નથી રહ્યો. લખાણ પણ આકર્ષક રીતે રજૂ થવું જોઈએ.

હવે તો સફારીનું કવર ફેરવીએ ત્યાં જ સંપાદકના પત્રની ઉપર મહિનો-વર્ષ લખેલું જોવા મળે છે. પણ એવોય સમય હતો જ્યારે સફારીના આખેઆખા અંકમાં ક્યાંય મહિનો કે વર્ષનો ઉલ્લેખ હોય જ નહીં. એટલે હવે એવો અંક હાથમાં આવે તો એ અંક ક્યા સમયગાળાનો છે એ નક્કી કરી શકાતું નથી. એવા અંકો યુનિવર્સલ કહી શકાય કેમ કે કોઈ પણ સમયે હાથમાં લઈએ, ક્યારનો અંક છે, એ જાણી શકાશે નહીં. પરગ્રહવાસીઓ પૃથ્વી પર આવીને સફારીના પાનાં ફેરવે અને

પોતાનો વિશેનો એકાદ લેખ જુએ તો પણ એ સમજી નહીં શકે કે આ ક્યારે લખાયું છે! જોકે અંક નંબર આઠમાં નોંધ છે કે અંક ઓગસ્ટ ૧૯૮૬માં (એટલે કે પહેલો અંક પ્રગટ થયાના છ વર્ષ પછી) પ્રગટ થયો હતો.

આ પત્ર સફારીને મળે..એમ લખી લખીને મેં સફારીને ઘણા પોસ્ટકાર્ડ લખ્યા છે (હવે મેઈલ કરુ છું). અને એટલે જ એક સમયે સરનામું મોઢે થઈ ગયુ હતું. જૂનાગઢથી અમદાવાદ આવ્યો અને પહેલી વખત સફારીની ઓફિસે પહોંચ્યો ત્યારે સરનામાં લખેલા દરેક દિશા નિર્દેશકો (કોર બાયોટેક…, આનંદ મંગલ..) વગેરે વાંચીને શરીરમાં ઝણઝણાટી થતી હતી. પાછલા ઘણા વર્ષોથી તો સફારીનું સરનામું યથાવત છે. પણ અત્યારનું સરનામુ ૭૧મા અંકથી કાયમી થયું છે. જોકે સાવ શરૃઆતના કેટલાક અંકોમાં પણ અત્યારે છે એ સરનામુ જોવામાં આવ્યુ છે. વચ્ચેના સમયગાળામાં કેટલાક અંકોમાં બીજા સરનામા છે, જેમ કે એક સરનામું ભદ્રનું હતું, તો વળી પાલડીનું બીજું સરનામુ પણ હતુ. સફારીનો ફોન નંબર પણ જૂન ૨૦૦૭ના ૧૫૮મા અંકથી બદલાયો હોવાની નોંધ જોવા મળે છે.

વાંચીને દરેક વખતે વાત ન પણ સમજાય. તો? તો પછી ડાયાગ્રામ-ગ્રાફિક-નકશાથી એ વાત સમજવી રહી. ગુજરાતી મિડિયામાં સફારી જેટલો ડાયાગ્રામ-નકશાનો ઉપયોગ બીજા કોઈ પ્રકાશનમાં જોવા મળ્યો નથી. ડાયાગ્રામ શબ્દ પણ મેં પહેલી વખત સફારીમાં જ વાંચ્યો હતો. ફોટોગ્રાફ્સ અને તેની ક્વોલિટી પર પણ સફારી પુરતો ભાર આપે છે. શરૃઆતી અંકોમાં 'નેશનલ જ્યોગ્રાફિક'ની જેમ જ આખુ પાનું ભરીને ફોટા છપાતાં હતાં. જેમ કે કોઈ એક શરૃઆતી અંકમાં ક્રિકેટર વિવિયન રિચાર્ડનો આખા પાનાંનો ફોટો છે. પછીના અંકોમાં એક પાનાનાં ફોટા બંધ થઈ ગયા હતાં. પણ કેટલાક અંકોમાં બે પાનાં ફેલાય એવડા અડધા પાનાંની સાઈઝના ફોટા છાપ્યા છે. જેમ કે અંક નંબર ૧૭૮માં હાથીના ટોળાનો ફોટો. એવો જ બે પાનામાં અડધી કાઠી સુધી ફેલાયોલો ફોટો ચિત્તાનો હતો, અંક ૧૮૩ માં.

# 4. સતત આઠ વર્ષ સુધી ‘સફારી’ની કિંમતમાં વધારો થયો ન હતો!

સફારીની અત્યારે છૂટક કિંમત કેટલી છે? સફારીનો અંક જોયા વગર જવાબ આપવાનો હોય તો કદાચ એક્ઝેટ આંકડો કહેવો મુશ્કેલ થશે.. કેમ કે સફારીના ઘણાખરા વાચકો કિંમત જોઈને અંક ખરીદતા નથી. સૌ કોઈ એ વાત સ્વીકારશે કે સફારી જે સામગ્રી આપે છે, તેના પ્રમાણમાં કિંમત બહુ મામુલી રાખે છે. એટલે કે સસ્તાદરે જ્ઞાનવાન સમાજનું નિર્માણ કરવામાં સફારી મહત્ત્વનો રોલ ભજવી રહ્યું છે. એ વાતો જોકે અજાણી નથી. એટલે આપણે વાત કરીએ સફારીની કિંમતમાં આવેલા ઉતાર ચડાવની...

પહેલા અંકની કિંમત ૩ રૃપિયા હતી. પછી? પછી તરતના અંકોની તો ખબર નથી પણ આઠમા અંકની કિંમત પાંચ રૃપિયા હતી. અંક નંબર ૪૬થી વધીને બાર થઈ હતી. ૪૬મો અંક જાન્યુઆરી-ફેબ્રુઆરી ૧૯૯૬માં પ્રગટ થયો હતો. આગલા અંકની કિંમત ૧૦ રૃપિયા જ હતી. અંક નંબર ૪૭ની કિંમત પણ વેકેશન અંકને કારણે બાર રૃપિયા હતી. ૪૮મા અંકથી ફરી દસ રૃપિયા કરી દેવાઈ હતી. અકોના પ્રકાર પ્રમાણે પણ સફારીના મૂલ્યમાં વધ-ઘટ થતી રહે છે.

૧૬૪થી છૂટક કિંમત વધારીને પંદરને બદલે ૧૮ રૃપિયા કરવામાં આવી હતી. છેક ૮૫ નંબરના અંકથી એ કિંમત ચાલી આવતી હતી, જે સતત આઠ વર્ષ રહી. એ માટે સફારીને અભિનંદન આપવા રહ્યાં. બાકી આઠ વર્ષ ભાવ વધ્યા વગર સતત સારી ક્વોલિટી આપતી હોય એવી કઈ ચીજ માર્કેટમાં મળે છે? સફારીએ એ વધારાની નોંધ સંપાદકના પત્રની નીચે મૂકી હતી. દર વખતે એ નોંધ મૂકવાની પરંપરા જળવાઈ જ છે.

એ પછીનો ભાવ વધારો ૧૭૧માં અંકે આવ્યો હતો. એ વખતથી ભાવ ૨૦ રૃપિયા થયો હતો. ભાવ વધારા માટે સંપાદકે વ્યાજબી કારણો પણ રજૂ કર્યા હતાં. અલબત્ત, એ કારણો ન હોય તો પણ સફારીના વાચકો ભાવ વધારા સામે ક્યારેય સરઘસ-રેલી કરતાં નથી. કે નથી ઉચ્ચારતા એક પણ શબ્દ.

વીસેક અંકો પછી ૧૯૨મા નંબરથી સફારીના કલેવર બદલાયા અને કિંમત વધીને ૨૫ રૃપિયા થઈ. હવે છૂટક કિંમત ૩૦ રૃપિયા છે. એટલા રૃપિયામાં બે મિત્રો અમદાવાદમાં સારા પ્રકારની દાબેલી ખાઈ શકતા નથી. સફારી વાંચીને સમૃદ્ધ જરૃર થઈ શકે છે.

વધીને વધીને સફારીની છૂટક કિંમત ૫૦ રૃપિયા થઈ છે, પરંતુ એ દિવાળીઅંકો પુરતી જ. છેલ્લો દિવાળી અંક ૨૪૫માં નંબરનો હતો, જેની આટલી કિંમત હતી. તેની સામે પાનાંની સંખ્યા પણ નિયમિત કરતાં વધારે હતી. કુલ ૧૦૨ પાનાં હતાં. છૂટક કિંમત છેલ્લે ૨૨૧માં અંકે (ઓક્ટોબર ૨૦૧૨)માં ૨૫થી વધીને ૩૦ થઈ હતી. એ યથાવત જ છે.

શરૂઆતમાં કદાચ સફારીનું લવાજમ ૧૦૦ રૂપિયા હતું. ૫૩મા અંકથી બાર અંકોનું લવાજમ વધારીને ૧૨૦ રૂપિયા કરાયુ હતું. ૩૫ વર્ષમાં લવાજમ વધી વધીને સાડાત્રણ ગણુ વધી ૩૫૦ થયુ છે. એ કિંમત ખરેખર બહુ ઓછી ગણવી રહી. કેમ કે અંગ્રેજીમાં નેશનલ જ્યોગ્રાફિક ખરીદવું હોય તો એક અંકની કિંમત ૨૭૫ રૂપિયા છે. 'વાયર્ડ' મેગેઝિનનો એક અંક ૬૦૦ રૂપિયાનો આવે છે. અને એ રૂપિયા ખર્ચ્યા પછીય એમાં નગેન્દ્ર વિજય જેવો ભાષાવૈભવ હોતો નથી.

અંક નંબર ૧૧૮માં લવાજમની વિગત નીચે એક અચરજ પ્રેકર વાક્યુ જોવા મળ્યુ હતું. લખ્યુ હતું: 'નોંધ-લવાજમની રકમ પર વ્યાજ આપવામાં આવશે નહિ'. આવુ શા માટે લખવું પડયુ હશે એ 'બ્રહ્માંડ એક છે કે અનેક' તેનાં જેવુ જ રહસ્ય છે. પછીના અંકમાં એવી નોંધ હતી નહીં. કે બીજા અંકોમાં પણ ક્યારેય એ સૂચના ધ્યાને ચડી નથી. શરૂઆતમાં લવાજમધારક વાચકોને સફારી સ્મૃતિપત્ર લખતુ હશે, કેમ કે અંક નંબર ૮૬માં જાહેરાત છે કે હવે સ્મૃતિપત્ર મોકલાશે નહીં!

સફારીના નિયમિત અંકના પાનાં અત્યારે ૭૦ છે. એક સમયે ૫૨ હતાં, પછી ૬૦ થયા, ૬૮ થયા, ૭૨ થયા.. હવે જોકે ૭૦ પાનાં છે. વિશેષાંક સિવાય પાનામાં ફેરફાર હોતો નથી. જેમ કે દિવાળી અંક કે વેકેશન અંક. અલબત્ત, હવેના અંકોમાં કાગળ વધારે ઊંચી ગુણવત્તાનો વપરાતો હોવાથી અંક જરા વધારે દળદાર લાગે છે.

---

# 5. સફારીની કિંમત દસ રૂપિયા ન હતી, ત્યારે જોક્સનું વળતર દસ રૂપિયા અપાતુ હતું!

અન્ય કોઈ ગુજરાતી સામયિકોમાં ન જોવા મળે એવા એકથી એક ચડિયાતા કાર્ટૂનો સફારીએ આપ્યા છે. રાજકીય મુદ્દાઓ પર કટાક્ષ કરે તેને જ કાર્ટૂન સમજવાની વ્યાપક ગેરમાન્યતા છે.

સફારીના કાર્ટૂનમાં પણ તેના વિષયની વિશિષ્ટતા જોવા મળતી હતી. ગુજરાતના અવ્વલ કાર્ટૂનિસ્ટ દેવ ગઢવી કાર્ટૂન દોરી આપતાં પણ જોતાં સમજાઈ આવે કે કન્સેપ્ટ કદાચ નગેન્દ્ર દાદા જેવા ભેજાબાજોના જ હોવા જોઈએ. હવે કાર્ટૂન નથી આવતાં. દેવ ગઢવી વર્ષોથી નિવૃત્ત થયા છે અને ગુજરાતમાં તેમનો કોઈ વિકલ્પ નથી. કદાચ એટલે જ.. એ કાર્ટૂનોની ગૌરવગાથા લંબાવવાને બદલે અહીં જોઈ લો કેટલાક કાર્ટૂન…

(નોંધ- બધા કાર્ટૂન સફારીના છે, માટે કોપી રાઈટ પણ તેમના જ ગણાય. મેં અહીં માત્ર સમજાવટ ખાતર શેર કર્યા છે. તેનો બીજો કોઈ ઉપયોગ થાય એ ઈચ્છનિય નથી. )

કરસન કકડો અને જુહારમલ મારવાડી.. એવા એકથી એક ચડિયાત્રા પાત્રો સર્જીને સફારીએ આપેલા જોક પણ બીજે ભાગ્યે જ વાંચવા મળતાં. હવે તો જોક્સનું એટલુ મહત્ત્વ રહ્યું નથી પણ ૮મા અંકમાં ૩ પાનાં ભરીને જોક્સ આપ્યા હતાં. અને ત્યારે વાચકો મોકલે તેમાંથી પસંદ થતા દરેક ટૂચકાને દસ રૂપિયાનો પુરસ્કાર પણ અપાતો હતો. અને એ વખતે સફારીની કિંમત પુરા દસ રૂપિયા ન હતી!

ક્યારેક એવું બનતું કે વાચકોને જોક ન સમજાય ત્યારે ખરી હાસ્યસ્પદ સ્થિતિ સર્જાતી હતી. એક વખત તો સફારીએ વધારે પડતો બુદ્ધિશાળી જોક્સ આપ્યો એમાં ઘણા વાચકોને ન સમજાયો અને એટલે જ પછીના અંકે સફારીએ જોક્સ પણ સમજાવવો પડયો હતો!

---

# 6. જડયુ છે, જાણી લો, એક વખત એવુ બન્યું, કેવું છે? – સોંસરવા ઉતરતા 'સફારી'ના હેડિંગ!

સફારીના હેડિંગો તેનું અત્યંત મજબૂત પાસું રહ્યું છે. લેખન સાથે સંકળાયેલો હોવાથી મને બરાબર ખબર છે કે હેડિંગમાં પુરતું ધ્યાન આપવામાં ન આવે તો વાચકોને લેખ સુધી ખેંચી જવામાં દર વખતે સફળતા મળતી નથી. સફારીના કેટલાક હેડિંગો મને બહુ ગમ્યા છે, જેમાં પ્રાસાનુપ્રાસ છે, ભાષાની સજ્જતા છે, શબ્દોનો વૈભવ છે અને ખાસ તો કહેવાની છે એ વાત ભારે પ્રભાવક રીતે કહેવાઈ છે.. જેમ કે..

– ઓક્ટોપસઃ આઠ પગ અને અઢાર ગપ (અંક ૧૦)
– નદી પર બંધ (અને બંધ પર બંગલો) બાંધતું બીવર! (અંક 7 અને બેસ્ટ ઓફ સફારી-૧)
– બે મહાસાગરોને જોડતી અને બે ખંડોને વિખૂટા પાડતી પનામા નહેર (૭૬)
– અમેરિકાએ કરેલી અમેરિકાની ખરીદીના સોદાની દ્વિશતાબ્દી (૧૧૫)
– દેવાળિયા જર્મનીએ જ્યારે કોલસાને બદલે કરન્સી નોટો બાળીને કામ ચલાવ્યું
– વિશ્વયુદ્ધનું પ્રકરણ છેલ્લું: નોર્મન્ડીથી નરેમ્બર્ગ (૧૨૫)
– સાયન્સ ફિક્શનઃ આજની વાર્તા, આવતી કાલની વાસ્તવિકતા (અંક ૧૪૬)
– ભવિષ્યમાં ભૂંસાવા માટે આજે આલેખાતો ડિજિટલ ઈતિહાસ (૧૫૦)
– હિટલરની હત્યાના બધા કાવતરાં જ્યારે તેના નસીબ સામે હારી ગયાં (૧૫૧)

– થ્રીડી પ્રિન્ટરઃ કમ્પ્યૂટરનું પ્રિન્ટર જેમાં કુંભારચાકડો બને છે! (૧૫૪)
– રશિયન સ્પુતનિકના ચૂં... ચૂં... સિગ્નલોએ જ્યારે સૂતેલા અમેરિકન સિંહને જગાડયો (૧૬૨)
– બુદ્ધિની વ્યાખ્યા બદલીને મૃત્યુ પામેલો પક્ષીજગતનો આઈન્સ્ટાઈન (૧૬૩)
– ધુમ્મસને નીચોવી વેરાન ટાપુ પર બાગબહાર ખીલવવા માગતો અંગ્રેજ ગુલશન GROWER (૧૬૫)
– ઓસ્ટ્રેલિયાના મૂળ આદિવાસીઓ પર જુલમો ગુજારી ગોરી સરકારે જ્યારે ‘સોરી’ કહ્યું! (૧૬૭
– હિટલરે કલ્પેલી જગતની પહેલી ‘નેનો’ મોટરે જ્યારે વિશ્વબજારને સર કર્યું (૧૬૯)
– ચીને જ્યારે છાણયુગમાં ખૂંપેલો પગ કાઢી સુપરપાવર બનવા ફાળ ભરી (૧૭૧)
– હિટલરના રોકેટશાસ્ત્રી વર્નર બ્રાઉને જ્યારે નીલ આર્મસ્ટ્રોંગને ચંદ્રનો પ્રવાસ કરાવ્યો (૧૭૮)
– બે અણુબોમ્બના મશરૂમ વાદળોએ જ્યારે હિરોશિમા-નાગાસાકી પર મોત વરસાવ્યું (૧૮૩)
– પહેલા વિશ્વયુદ્ધનો હિસાબ ચૂકતે કરવા હિટલરે જ્યારે બીજું વિશ્વયુદ્ધ સળગાવ્યું (૧૮૪)
– પરાજયના ભણકારા વચ્ચે હિટલરે જિંદગીના છેલ્લા દિવસો જ્યારે ભૂગર્ભ બન્કરમાં વીતાવ્યા (૧૯૩)
– રોબર્ટ ક્લાઈવના આત્મહત્યાના ચારેય પ્રયાસો જ્યારે નિષ્ફળ ગયા અને ભારત ૧૯૦ વર્ષ માટે ગુલામ બન્યુ (૨૦૭)
– સંશોધકોને જડયા છે, પરંતુ સાપેક્ષવાદને નડયા નથીઃ પ્રકાશકિરણોથી વધુ ઝડપી કણો (૨૧૦)
– વિશ્વનું સૌથી વિશાળ મંદિર અંગકોર વાટ જ્યારે રહસ્યના પ્રશ્નાર્થ સાથે ઓચિંતુ પ્રગટ થયું (૨૧૩)
– દુનિયાની સૌથી સુરક્ષિત જગ્યાઓ, જ્યાં (ખરેખર જ) ચકલુંય ફરકી શકતું નથી (૨૫૧)
– ખોવાયા છે, પણ જડયા નથીઃ જેમની ખોટ ન પૂરી શકાય તેવા વૈજ્ઞાનિક ખજાનાઓ (૨૨૧)
– ઈતિહાસની ગાડીના પાટા બદલી નાખનારા ત્રણ પ્રાણીઓઃ ઘોડો, હાથી અને ઊંટ (૨૩૧)
– બ્રિટનને જંગી આક્રમણ વડે જીતી લેવાના હિટલરના પ્લાનને જૂજ હવાબાજોએ જ્યારે આકાશી યુદ્ધમાં ફૂંકી દીધો (૨૩૨)
– ત્રીસ વર્ષ પહેલાં ભારતના કમાન્ડો મિશને જ્યારે સિઆચેનને પાકિસ્તાનના હાથમાં જતું અણીના મોકે બચાવી લીધું (૨૩૯)
– બિન લાદેનને ખતમ કરવા અમેરિકી કમાન્ડો ટુકડીએ જ્યારે થ્રિલર કથાને આંટી જાય તેવું દિલધડક સાહસ ખેડયુ (૨૪૦)
– ૧૯૭૧ના યુદ્ધમાં પાકિસ્તાનમાં યુદ્ધકેદી બનેલા ભારતીય પાયલટોએ જ્યારે અશક્ય ગ્રેટ એસ્કેપ સાહસ ખેડયું (૨૪૭)
– ભારતની અંગ્રેજ હકૂમતે જ્યારે આંદામાનમાં સેલ્યુલર જેલ નામનું નર્ક સ્થાપ્યું (૨૫૦)
– સ્વર્ગસમા કાશ્મીરમાંથી હાંકી કઢાયેલા પંડિતો જ્યારે નર્ક જેવી નિરાશ્રિતોની છાવણીમાં આવી પડયા (૨૨૮)

અહીં માત્ર થોડા હેડિંગોનું લિસ્ટ આપ્યુ છે. એનો મતલબ એવો નથી કે બીજા હેડિંગો સારા નથી.. ક્રિએટિવ કામ સારું કે ખરાબ હોતું નથી. દરેક વ્યક્તિ તેને પોતાની રીતે મૂલવી શકે છે.
અહીં કેટલાક એવા હેડિંગો આપ્યા છે, જે મને અત્યંત ગમે છે.

-----------

કંઈ પણ લખતાં પહેલા હું એક વાચક છું, જીજ્ઞાસુ વાચક. એટલે સરપ્રાઈઝ સબજેક્ટ મને કાયમ આકર્ષતા રહે છે. પત્રકારત્વ અને લેખનમાં હોવાથી વિવિધ વિષયો વાંચવામાં આવતા જ હોય. પણ 'સફારી' ઘણી વખત એવા વિષયો આપે છે, જે સરપ્રાઈઝ કરતાં રહે છે. સફારી સિવાય બીજે ક્યાંય વાંચવા ન મળતાં હોય એવા અનેક સરપ્રાઈઝ (એટલિસ્ટ મારા માટે તો) સબજેક્ટ છે.. જેમ કે..

– ખાઉધરા તીડનો તરખાટ
– ચિત્રવિચિત્ર આકારો વાળી પક્ષીઓની ચાંચ
- ન્યુ ગીનીના માણસખાઉ માણસો કેવા છે (29)
– ધરતીના આખા ગોળાને ધ્રુજાવનાર સૌથી મોટો ધડાકો
– ચીના લોકોનું મનપસંદ કાનકડિયા પક્ષીના માળાનું સૂપ!
– મસમોટા શિકારનેય મિનિટોમાં ભરખી જતાં ડ્રાઈવર મંકોડા!
– ભારતનો સૌથી પહેલો ભૌગોલિક નકશો કોણે બનાવ્યો?
– અવાજના મોજાંને ઓવરટેક કરી જતી સુપરસોનિક કાર
– બોફર્સ તોપની જેમ ફાયરિંગ કરતું બોમ્બાર્ડિયર બિટલ
– ઓસ્ટ્રેલિયાના લુચ્ચા અને લોહીતરસ્યા ડિંગો કૂતરા (અંક ૪૬)
– ફોલ્ડ કરેલા પ્લેનની વર્લ્ડકપ ફ્લાઈટ સ્પર્ધા (૪૮)
– દરિયાઈ પક્ષીની હગાર વડે પૈસા કમાતો દેશઃ પેરૃ (૪૯)
– આ તે કેવી મોટર? પેટ્રોલ ૧ લિટર ને પ્રવાસ હજારો કિલોમીટર! (૬૩)
– આવે છેઃ પાક મિસાઈલનું પત્તું કાપતાં ભારતનાં એન્ટિ-મિસાઈલ! (૬૫)
– અવનવાં તોલ-માપનો હેરત પમાડે તેવો અજાણ્યો ઈતિહાસ (૬૭)
– જુરાસિક ડાયનોસોરના વારસદાર જેવા કોમોડોના વિરાટ કાચિંડા! ઔ- દુનિયાનો સૌથી કદાવર જમ્બો હાથી કેવો હતો? (૬૯)
– મધ ભરેલા મીની કૂંજા જેવી કીડીઃ હની પોટ એન્ટ (૫૫)
– ગણિતના દાખલા ગણી દેતા જર્મન ઘોડાનું મેથેમેજિક! (૮૦)
– મહારાજા રણજિતસિંહનો રૃપિયા ૩૦૦ કરોડનો લાખો મેં એક ઘોડો (૮૬)
– જાદુઈ ચિરાગ જેવું અખંડ ગતિયંત્ર આજ દિન સુધી કેમ બન્યું નથી? (૮૯)
– ડાન્સિંગ ડીઅર સાથે ડૂબી રહેલાં મણિપુરના તરતા ટાપુઓ (૯૩)
– અંધારામાં નાળિયેર ચોરવા નીકળતો આંદામાનનો કોકોનટ કરચલો (બેસ્ટ ઓફ સફારી – ડિસેમ્બર ૨૦૦૧)
– ૮૦ ગામોમાં ૧૨૫ જણાને ફાડી ખાનારા દીપડા સાથે જીવસટોસટનો પકડદાવ (બેસ્ટ ઓફ સફારી – ડિસેમ્બર ૨૦૦૧)
– પહેલા વિશ્વયુદ્ધની વેરની વસુલાત બીજા વિશ્વયુદ્ધમાં (વિશ્વવિગ્રહની યાદગાર યુદ્ધકથાઓ-૧)
– એકમેકનો વેશ લેનાર શત્રુ સ્ટીમરોનો સાગરસંગ્રામ (વિશ્વવિગ્રહની યાદગાર યુદ્ધકથાઓ-૧)
– ગંધની ડબલ બેરલ ગન ફોડતું અજાયબ પ્રાણીઃ સ્કંક (બેસ્ટ ઓફ સફારી-૪)
– શિકારને મિનિટોમાં ભરખી જતી ભયંકર માછલીઃ પિરાન્હા! (બેસ્ટ ઓફ સફારી-૧)

– બુદ્ધિની વ્યાખ્યા બદલી નાખતા ન્યુ કેલિડોનિયા ટાપુના બ્રિલિયન્ટ કાગડા (૧૦૮)
– રણના અને રણસંગ્રામના દેશ ઈરાકનો રસપ્રદ ઈતિહાસ (૧૧૧)
– બીજા વિશ્વયુદ્ધના સમયે આંદામાનમાં સમુરાઈ જાપાને કરેલા જનસંહારની સત્યકથા (૧૧૬)
– હિટલરના જર્મનીને હરાવવા મર્યા પછી મોરચે ગયેલો બીજા વિશ્વયુદ્ધનો નંબર વન યોદ્ધો (૧૧૮)
– કર્ક નિહારિકાના સુપરનોવાની હારાકીરીનાં ૯૫૦ વર્ષ (૧૨૫)
– પૃથ્વીના નકશા પર અસ્તીત્વના છેલ્લા વર્ષો ગણતો અરાલ સમુદ્ર (૧૩૧)
– દુનિયાના ૯૦ દેશોમાં દટાયેલી જમીનના ભોરિંગ જેવી ૧૧ કરોડ સુરંગો (૧૩૫)
– આજથી ૧૩.૬ અબજ વર્ષ પહેલાં અંતરિક્ષે જોયેલી પ્રથમ દિવાળી કેવી હતી? (૧૪૧)
– મીટરનું માપ નક્કી કરવા બે સાહસિકોએ જ્યારે પૃથ્વીનો ગોળો માપ્યો (૧૪૮)
– દિમાગી મસ્તી માટે કેફી પદાર્થોના બંધાણી બનેલાં નશાખોર પ્રાણીઓ (૧૫૭)
– આર્કિટેક્ટ હરગોવિંદ મેવાડાએ જ્યારે ગુજરાતની ગાદીનું નગર ગાંધીનગર બાંધ્યુ (૧૬૪) (સામાન્ય રીતે એક એવુ બન્યુ વિભાગમાં દેશી-વિદેશી પ્રસંગો જ આવતા હતાં. રાજ્યકક્ષાનો પ્રસંગ સમાવાય એવા બનાવો ઓછા બનતા હતાં. આ પ્રસંગ તેમાનો એક હતો. પછી ૧૯૧મા અંકે ગુજરાત રાજ્યની રચના અંગે લેખ હતો –અણહિલવાડનું રાજ્ય સમયના પ્રવાહમાં વહીને આજથી પચાસ વર્ષ પહેલાં જ્યારે ગુજરાત બન્યું).
– આખા કોળા તરીકે શાકમાં ગયેલા સરપ્રાઈઝ જેવાં નોબેલ પ્રાઈઝ (૧૭૫)
– ઈસરોએ સ્વદેશી જીએસએલવી રોકેટ તથા સેટેલાઈટ ચડાવતા પહેલાં તેમનો વીમો કેમ ઉતરાવ્યો નહીં? (૧૯૨)
– વિશ્વની સૌથી મોંઘી કોફીઃ પેદાશ વણિયરની હગારની અને ડોલરમાં કિંમત કિલોગ્રામે હજારની! (૧૯૫)
– ઓસ્ટ્રેલિયાની રાષ્ટ્રીય સમસ્યા બનેલું રાષ્ટ્રીય પ્રાણી કાંગારૂ (૧૯૮)
– યુરી ગાગારિન અંતરિક્ષનો કોલમ્બસ બન્યો એ પહેલાં કેટલા જણા સ્પેસ સ્પર્ધાના બલિ બન્યાં? (૨૦૩)
– દેવભાષા કહેવાયેલી, છતાં ભૂલાવી દેવાયેલી સંસ્કૃતની સાત ભૂતો ન ભવિષ્યતિ અજાયબીઓ (૨૦૪) (સંસ્કૃત વિશે આવી અદ્ભૂત જાણકારી લખ્યા પછી પણ નગેન્દ્ર દાદાએ ઉર્વીશ કોઠારીને આપેલા ઈન્ટર્વ્યૂમાં અફસોસ વ્યક્ત કર્યો હતો કે મારી સંસ્કૃત શિખવાની ઈચ્છા અધુરી રહી ગઈ છે! પણ સંસ્કૃત શા માટે મહાન ભાષા છે, એ સમજવા માટે આ લેખ વાંચવો જ રહ્યો. )
– અમેરિકન ખેતરોને ખુવાર કરવા આવી પહોંચેલી બ્રાઝિલની મારકણી મધમાખી (૨૦૬)
– વિશ્વનું સર્વોચ્ચ કાઠીનું વૃક્ષઃ જંગલમાં ક્યાંક છે ખરૂં, પણ જડે ત્યારે ખરૂં (૨૦૯)
– ભારતની બ્રહ્મપુત્ર સહિત છ દેશોની નદીઓને હાઈજેક કરી રહેલું ચીન (૨૧૮)
– ઉત્તરાખંડમાં સેંકડો માનવઅસ્થિઓનાં અંતિમધામ જેવું રૂપકુંડ સરોવર જ્યારે અણઉકેલ રહસ્ય બન્યું (૨૧૯)
– અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટરના જોડકા ટાવરો જ્યારે આતંકવાદી હુમલામાં ધરાશયી બન્યા (૨૨૦)
– તબિયતને તેમજ તંદુરસ્તીને લગતી દસ પ્રચલિત વાયકાઓ વિરૃદ્ધ દસ વાસ્તવિકતાઓ (૨૨૫)
– ચાલીસ વર્ષે જુદા વેશે જડેલું, પણ સિક્રેટ જાહેર કરી દેવાયેલું જગતનું સૌથી કાતિલ ઝેર (૨૩૪)
– યોગાનુયોગના સિલસિલાએ જ્યારે મોહનદાસ ગાંધીને મહાત્મા ગાંધી બનાવી દીધા (૨૩૬)
– વર્ષમાં ગણાતી માણસની ઉંમર ગમે તે એક, પણ માણસના શરીરની ઉંમરો અનેક! (૨૩૭)

– અબજો માણસોને ભરખી શકે એવા બે આખરી સાપના ભારાઃ હજી સાચવી રાખવા કે મિટાવી દેવા? (૨૪૨)
– ભારતના આંદામાન ટાપુઓનું બૂમરેંગ ઓસ્ટ્રેલિયન-બ્રાન્ડ કેવી રીતે બન્યું? (૨૪૩)
– વિન્ચેસ્ટર રાઈફલનો ભોગ બનેલા સદ્ગતોના ભોગવિલાસ માટે બનેલો ૫૫ લાખ ડોલરનો મહેલ (૨૪૫)
– નેપાળનો રાષ્ટ્રધ્વજ બાકીના ૧૯૨ રાષ્ટ્રધ્વજોથી સાવ જુદો કેમ? (૨૪૯)
– આંદામાનમાં હજારો વર્ષોથી સાવ અલિપ્ત રહેતા આદિવાસીઓનો નો-એન્ટ્રી ટાપુ : નોર્થ સેન્ટિનલ (૨૫૩)

સફારીએ પાંને પાંને જ્ઞાનગંગા વહે છે. એટલે એવુંય નથી કે આ સિવાયના લેખોમાં મને નવી જાણકારી નથી મળી. મળી જ છે. આ તો કેટલાક ઉદાહરણરૂપ અને મને અત્યંત ગમતાં હેડિંગોનું જ લિસ્ટ છે. વળી આ તો માત્ર લેખોના હેડિંગ છે. ગપસપ-ફોર યોર ઈન્ફર્મેશન-સુપર ક્વિઝ-ફેક્ટફાઈન્ડર વગેરેમાં આપેલું જ્ઞાન તો અગણિત છે.

---

# 7. ઘેરબેઠાં જાતે બનાવો (અને મગજને તાર્કિક દિશામાં વાળો)!

સફારી વાંચવા માત્રથી કોઈ રોબર્ટ ગોડાર્ડ નથી બનવાનું, કોઈ આઈન્સ્ટાઈન નથી બનવાનું, કોઈ ચાર્લ્સ રોબર્ટ ડાર્વિન નથી બની જવાનું… પણ સફારી વાંચીને પોતાના કામમાં નિપૂણ થઈ શકાય છે, એ વાત કેમ નકારવી? વિજ્ઞાનમાં રસ છે, તો સફારી એ રસ વૃદ્ધિ કરે છે. એન્જિનિયરિંગમાં રસ છે, તો સફારી એની એબીસીડી શિખવે છે. ઈતિહાસમાં રસ છે, તો સફારી ઐતિહાસિક તથ્યોની આરપાર સફર કરાવે છે.

આ બધા ઉપરાંત પ્રેક્ટિકલી પ્રયોગો કરાવે એવો સફારીનો એક વિભાગ છે, ઘેરબેઠાં જાતે બનાવો.. હવેના અંકોમાં આ વિભાગની હાજરી ઓછી દેખાય છે. એટલે નવા સફારી વાચકો માટે એ નામ અજાણ્યુ લાગી શકે. પણ એક સમયે તેની બાદશાહત હતી. હવે જાતે બનાવો પ્રયોગો ઓછા આવે છે તો શું કરવુ? જુના અંકો ઉથલાવવા અને અત્યાર સુધીમાં જે પ્રયોગો આપ્યા છે, એ પણ ફરીથી (અથવા પહેલી વખત) કરવા પ્રયાસ કરવો..
કેવાં કેવાં પ્રયોગો હતાં?

– ટેલિસ્કોપ (અંક ૨૨)
– પીન હોલ કેમેરા (૪૬)

– રોજનો વરસાદ માપી આપતું રેઈન-ગેજ! (૪૯)
– ઈલેક્ટ્રિસિટીને બદલે ઈચ્છાશક્તિથી ફરતી મોટર (૫૩)
– મગજને ચકરી ખવડાવતા મોબિયસ બેન્ડના જાદુઈ ખેલ! (૬૩)
– નવરા બેઠા રમોઃ નવી અને નટખટ કેલ્ક્યુલેટર ગેમ્સ! (૬૪)
– કેમિકલ્સનો બહુરંગી ક્રિસ્ટલ બગીચો (૬૪)
– જૂલની મેજીક જેવી રબ્બર-બેન્ડ મોટર (૬૪)
– ઈમ્પોસિબલ આકારનું ઈલ્યુઝન બોક્સ (૬૪)
– હવા પર સવારી કરતાં હોવરક્રાફ્ટનું મોડેલ (૬૭)
– વિરાટ હોટ-એર બલૂનનું મીની મોડેલ (૬૭)
– ચંદ્રનો પણ સમય માપતી સૂર્યઘડિયાળ (૮૬)
– અવનવા ચીની પતંગો (૮૮)
– જાતે માપો મગજની આઈક્યુ (૧૦૮) અગાઉ પણ કોઈ અંકમાં આપવામાં આવી હતી. એ પછી છેક ૧૯૯ નંબરના અંકમાં જોવા મળી હતી.
– ઓટોમેટિક ફ્લેપ (તાળીથી ચાલુ બંધ થતી) સ્વીચ (૧૦૮)
– મીની સ્ટીમ એન્જીન (૧૧૮)
– જાતે ઉગાડોઃ પોટેટો પ્લસ ટોમેટો બરાબર પોમેટોનો છોડ (૧૨૪)
– પવનચક્કીનું મિનિ મોડેલ (૧૨૪)

મેં કેટલાક અખતરા કરી જોયા હતાં અને મારા અલ્પજ્ઞાન પ્રમાણે મને સફળતા ઓછી અને વધુ નિષ્ફળતા મળી હતી. સફારીએ વિવિધ સંગ્રહોની માફક જાતે બનાવોનો સંગ્રહ હજુ સુધી બહાર નથી પાડ્યો, જોકે.

# 8. ફેક્ટફાઈન્ડરમાં પહેલો સવાલ શું હતો?

સફારીના આખા લેખમાં જેટલી મહેનત નહીં કરવી પડતી હોય એટલી મહેનત કદાચ આ એક વિભાગના એક સવાલના એક જવાબ પાછળ કરવી પડતી હશે…

સફારીનું ધ્વજજહાજ તો એક વખત એવુ બન્યું વિભાગ છે. પણ મારા મતે સૌથી પડકારજનક વિભાગ ફેક્ટફાઈન્ડર છે. કેમ કે તેમાં લેખક ઈચ્છે એ નહીં, વાચક ઈચ્છે એ માહિતી આપવાની છે! મારા જેવો કોઈ વાચક પુછે કે ‘ચશ્માંના નંબર કેમ આવે?’ તો એનો જવાબ આપવો રહ્યો.. કોઈ વળી એમ પૂછે કે ‘બ્રહ્માંડ કેમ વિસ્તરે છે?’ તો વળી એનોય જવાબ

તાર્કીક દલીલો અને સમજી શકાય એવા ગ્રાફીકો સાથે આપવો રહ્યો. બ્રહ્માંડ અને તેના વિસ્તાર માટે ઈન્ટરનેટ પર ઢગલાબંધ સામગ્રી છે જ. પણ વાચકને સમજાય એવી ભાષામાં જવાબ આપવો રહ્યો. એ કામ વધારે અઘરું છે. માટે જ કાદાચ ઘણી વખત એક લેખમાં ન કરવી પડતી હોય એટલી મહેનત એક સવાલનો પાંચ-પંદર લીટીમાં જવાબ આપવામાં કરવી પડતી હશે..

સફારીનો આ અત્યંત લોકપ્રિય વિભાગ ૪૫મા અંકથી શરૃ થયો હતો. ૪૪મા અંકના તંત્રીના પત્રમાં તેની જાહેરાત પણ કરવામાં આવી હતી. ફેક્ટફાઈન્ડરનો પહેલો સવાલ હતો, 'દુકાનના શો-કેસમાં અથવા જાહેરાતોમાં બતાવેલી ઘડિયાળના કાંટા ૧૦ કલાક ૧૦ મિનિટ અને ૩૫ સેકન્ડનો ટાઈમ શા માટે બતાવતા હોય છે?' સફારીએ તેનો જવાબ આપ્યો હતો. પરંતુ વાચકો કેવા સજ્જ છે, તે અહીં ખબર પડી. કેમ કે મારા જેવા સામાન્ય વાચકને તો આવો સવાલ સૂજે જ નહીં!

ફેક્ટફાઈન્ડર માટે બે પાંના હતાં અને કુલ આઠ સવાલ-જવાબોનો સમાવેશ કરાયો હતો. આઠમા સવાલના અંતે લખ્યુ હતું કે સવાલો ઓછા છે, પણ જવાબ સંતોષકારક આપવા છે, માટે વધુ સવાલો સમાવવાની લાલચ ટાળી છે. પછી તો સફર આગળ વધી એમ ફેક્ટફાઈન્ડરનું કદ પણ વધ્યું. ૪૭માં નંબરમાં વિભાગ માટે અઢી પાનાં ફાળવવામાં આવ્યા હતાં. ૪૯મા નંબરમાં ત્રણ પાંના અને સાત સવાલો હતાં. પચાસમાં અંકે ચાર પાનાં અને નવ સવાલો હતાં. પછી તો કોઈ એક અંકમાં ૨૨ પાનાં ભરીને ફેક્ટફાઈન્ડરનો વિસ્તાર પાથર્યો હતો. ક્યારેક વળી કોઈ સત્યકથા સમાવવા ફેક્ટફાઈન્ડર જેવા વિભાગનું કદ વેતરવુ પણ પડયું છે. જેમ કે ૯૨માં હિટલરના એનિગ્મા મશિનની સત્યકથાને કારણે ફેક્ટફાઈન્ડર વિભાગ પર કાપ મૂકાયો હતો.

કોઈ વાચકને સવાલ થાય પણ સફારી તેનો પહેલેથી જ જવાબ આપી દીધો હોય તો? કેમ કે સફારી તો કેટલાક કદમ આગળ ચાલે છે! એટલે પછી ૧૦૦ પહેલાના કોઈ અંકથી પુનરાવર્તન પામેલા પ્રશ્નોની નોંધ પણ શરૃ થઈ. જેમાં વાચકોને જવાબ નહોતો મળતો, પણ જવાબ ક્યાંથી મળશે, તેનું સરનામુ મળતું હતું.
સમય પ્રમાણે તેના લે-આઉટમાં થોડા ઘણા ફેરફાર થયા છે. કેટલોક સમય ફેક્ટફાઈન્ડર સાથે થોડી જવાબ સબંધિત માહીતી આડી પટ્ટીમાં આપવામાં આવતી હતી. હવે ફાસ્ટફેક્ટ્સ આવે છે. ફેક્ટફાઈન્ડના સંગ્રહો પણ બહાર પડી ચૂક્યા છે, જેને જ્ઞાનકોશ કહેવા રહ્યાં.

છેલ્લે છેલ્લે હમણાં તો સફારીએ ફેક્ટફાઈન્ડરમાં ન પૂછાયેલા સવાલો પર પણ એક લેખ લખ્યો હતો. 45થી 256 સુધીમાં આ વિભાગમાં આપણે કલ્પના કરી શકીએ એવા તમામ વિષયોના અને કલ્પના ન કરી શકીએ એવા અનેક વિષયોના પણ અનેક સવાલોના જવાબો અપાયા છે.

# 9. એવરગ્રીન સવાલઃ સફારીના લેખકો કોણ કોણ છે?

લેખન જગતમાં એકથી વધારે નામે લખવાની એક પ્રથા છે. એ પ્રથા પાછળ કેટલાક વ્યાજબી કારણો છે. એ પૈકીનું એક કારણ એ કે વાચકો એક જ નામથી કંટાળી ન જાય એટલા માટે નવાં નવાં નામો વહેતા મૂકવા પડે. સંભવત સફારીમાં એટલે જ મર્યાદિત લેખકો એકથી વધારે નામે લખે છે. જેમ કે નગેન્દ્ર દાદાએ ઉર્વીશ કોઠારીને આપેલી મુલાકાતમાં કહ્યું છે કે મારા આઠેક ઉપનામ હશે. પણ અમના ઉપનામો ક્યા એ એક્ઝેટ જાણી શકાતું નથી. અલબત્ત, તર્ક લગાડીએ અને તપાસ કરીએ તો ખબર પડી આવે કે બી.એમ.પુરોહિત એટલે નગેન્દ્ર દાદા. કેમ કે અંક ૬૮માં બી.એમ.પુરોહિત નામ હોય, પણ એ જ કથા વિશ્વયુદ્ધની યાદગાર કથા તરીકે આવે ત્યારે નામ હોય નગેન્દ્ર વિજય. અંક નંબરમાં એડોલ્ફ આઈકમાનની સત્યકથાના લેખક છે દિગમ્બર વ્યાસ અને પછી યુદ્ધકથાના પુસ્તકમાં આવે ત્યારે લેખક હોય નગેન્દ્ર દાદા. એટલે એમના વિવિધ નામો એ રીતે ઓળખી શકાય એમ છે. અલબત્ત, સફારીના વાચકોને હવે લેખકોના નામ સાથે ખાસ નિસબત નથી કેમ કે લખે ગમે તે, વાચક બે લીટી વાંચે ત્યાં જ લેખકની શક્તિશાળી શૈલીમાં તણાઈ જવાનો હોય.. પછી કોણે લખ્યું એ સવાલ ઉપસ્થિત થવાનું કોઈ કારણ રહેતું નથી. જોકે નગેન્દ્ર વિજય એવું નામ છે, જેનું વાચકોને અપરંપાર આકર્ષણ છે.

સફારીમાં કમ્પ્યુટરની સિરિઝ આવતી તેમાં વિન્ડોઝનો પરિચય લખનાર તરીકે રાજેશ દલાલનું નામ હતું. વિન્ડોઝ વિભાગની ભારે લોકપ્રિયતાને કારણે વાચકો રાજેશ દલાલનું સરનામું પૂછતા હતાં. એટલે સફારીએ ૬૭માં અંકમાં રાજેશ દલાલનું સરનામુ પણ આપ્યુ હતું!

નગેન્દ્ર દાદાના પિતાજી વિજયગુપ્ત મૌર્યના લેખો પણ સફારીમાં છપાયા છે. એમનો સૌથી યાદગાર એટલે કે મને ગમેલો લેખ 'મેન ઈટર્સ ઓફ ત્સાવો'. ત્સાવો નેશનલ પાર્કના આદમખોર સિંહો કઈ રીતે હાહાકાર મચાવે છે તેની કથા બે અંકોમાં હપ્તાવાર રજુ થઈ હતી. જોકે વિજયગુપ્ત મૌર્યના બહુ લેખો સફારીમાં છપાયા નથી. શરૂઆતના અંકોમાં છપાયા હોય તો મારા તો ધ્યાનમાં આવ્યા નથી.

લેખ ઉપરાંત કેટલાક અંકોમાં સુપર ક્વિઝમાં લેખક તરીકે હર્ષલ પુષ્કર્ણાનું નામ આવતુ હતું. તો સુપર સવાલના અંતે પણ જરૂર પડયે નગેન્દ્ર દાદાનું નામ વાંચવા મળ્યું છે. એ સિવાય સફારીમાં આટલા લેખકોના નામ મારા ધ્યાને ચડયા છે. આ રહ્યું લિસ્ટ..

વિજયગુપ્ત મૌર્ય
પ્રેમનાથ કૌલ
વરાહમિહિર
બી.એમ.પુરોહિત
દિગમ્બર વ્યાસ

પ્રોફેસર ફરગેટ (પ્રોફેસર ફરગેટ સામાન્ય રીતે પ્રયોગો કરાવે. પણ 'પોકેટ કેલ્ક્યુલેટર પાસેથી કામ લેવાની કળા' નામનો લેખ તેમણે લખ્યો પણ છે.)

રવિન્દ્ર આચાર્ય

ડી.એન.કૌશિક

કેપ્ટન વિજય કૌશિક

કે.ચાવડા

સુશિલ ભાટીયા

–તમારા ધ્યાનમાં આ સિવાય કોઈ નામ આવ્યું છે ખરાં?

---

# 10. અન્ય પ્રકાશનોઃ સફારી સિવાયનું સફારી વિશ્વ

સફારીમાં આવતા વિવિધ લેખો પછીથી પુસ્તક સ્વરૂપે પ્રગટ થાય તેનીય વાચકો એટલી જ તલ્લીનતાથી રાહ જોતાં હોય છે. કેમ કે એક તો સફારીની સામગ્રી છે, એટલે જ્ઞાનની ગેરન્ટી છે. વળી સફારીએ સસ્તા દરે જ્ઞાન પ્રસારની જે ઝૂંબેશ ચલાવી એ અનોખી છે. સફારીના વિવિધ પ્રકાશનો ૨૦ રૂપિયાથી માંડીને ૨૦૦ રૂપિયામાં મળી જાય છે.

ફેક્ટફાઈન્ડરમાં પ્રગટ થયેલા સવાલો પછીથી ચાર અંકોમાં પ્રગટ થયા હતાં. એમાં વળી દરેક અંકમાં છેલ્લે શબ્દાનુસાર ક્રમ પણ છે, જેથી કોઈ ચોક્કસ વિષય અંગે સવાલ-જવાબ શોધવા હોય તો સરળતાથી મળી શકે. લેખોના સંગ્રહનું એક પ્રકાશન હતું 'સમયસર'. તેનો બીજો ભાગ જોકે હજુએ નથી આવ્યો (પહેલા ભાગના કવર પર લખ્યુ છે, ભાગ-૧: ઈતિહાસ, મતલબ કે બીજા કોઈ વિષયનો બીજો ભાગ આવવાનું આયોજન હશે..) તેની પ્રસ્તાવનામાં નગેન્દ્ર દાદાએ કરેલી નોંધ પ્રમાણે એ સંકલન ૧૯૯૦ના દસકા દરમ્યાન 'અભિયાન' સાપ્તાહિકમાં તથા ગુજરાતના એક દૈનિક અખબારમાં (એટલે સંદેશ) સમયસર નામની કોલમ માટે લખેલા અને ખૂબ લોકપ્રિય નીવડેલા લેખોનું છે. એ લેખો આજેય એટલા જ લોકપ્રિય છે, જેમણે સમયસર વાંચ્યુ હશે એમને એ ખબર હશે.

જેના નામ માત્રથી વાચકોની આંખમાં ચમક આવે એવુ પ્રકાશન છે, 'જિંદગી જિંદગી'. ગુજરાતી ભાષામાં ઘણા પુસ્તકો બેસ્ટ સેલર હોવાનો દાવો થાય છે. પણ પ્રકાશન ઉદ્યોગના જાણકારોના કહેવા પ્રમાણે જિંદગી જિંદગીની જેટલી નકલો વેચાઈ છે, એટલી બીજા કોઈ ગુજરાતી પુસ્તકની વેચાઈ નથી, વેચાય એવી શક્યતા પણ નથી. સુર્યની સપાટી પર ઉદ્ભવતા સૌર તોફાનો જે રીતે ચૂંબકીય બળને કારણે મરોડ અનુભવે છે એમ જિંદગી જિંદગીના પાંને પાંને વાચકોની લાગણી વળાંકો અનુભવે છે. એક વખત તો સફારીએ 'વાઈલ્ડ લાઈફ પોસ્ટર' પણ પ્રગટ કર્યુ હતું. વર્ષ ૨૦૦૫ માટેના પોસ્ટરની જાહેરાત જાન્યુઆરી ૨૦૦૫ના (૧૩૧) અંકમાં હતી. હર્ષલ પુષ્કર્ણાએ લીધેલી તસવીરો વડે જ એ પોસ્ટર બનાવાયુ હતું. પછી જોકે એવું કોઈ પોસ્ટર આવ્યુ હોવાનું જાણમાં નથી.

આ સિવાય સફારીના આટલા પ્રકાશનો મારા ધ્યાનમાં છે. કોઈ નામ રહી જતું હોય તો કહેજો..

કોસ્મોસ
મેથેમેજીક
હાઈડ્રોપોનિક્સ
પ્રકૃતિ અને પ્રાણીજગત
એક વખત એવું બન્યું...
આઈન્સ્ટાઈન અને સાપેક્ષવાદ
કોમ્પ્યુટરઃ પ્રથમ પરિચય
સફારી જોક્સ (ભાગ ૧-૩)
પાસટાઈમ પઝલ્સ (ભાગ ૧-૨)
વિશ્વયુદ્ધની યાદગાર કથાઓ (ભાગ ૧-૨-૩)
મોસાદના જાસૂસી મિશનો
યુદ્ધ ૭૧
શેરખાન
હાથીના ટોળામાં
કપિના પરાક્રમો
વિસ્મયકારક વિજ્ઞાન (ભાગ-૧,૨)
સુપર ક્વિઝ
આસાન અંગ્રેજી
વીસમી સદીની યાદગાર ૫૦ ઘટનાઓ
એરોમોડેલિંગ (ન્યુઝિલેન્ડનું રાષ્ટ્રીય પક્ષી કિવી જેમ જોવા મળવું દુર્લભ છે, એમ એરોમોડેલિંગ હવે દુર્લભ છે. કોઈ જુના વાચકો પાસે હોય તો હોય...)

આ દરેક વાંચન સામગ્રી જોકે એક જ પ્રકાશનના નેજા હેઠળ નથી પ્રગટ થઈ. જરૂર પ્રમાણે સફારી ગ્રૂપના પ્રકાશનો પણ અલગ અલગ રહ્યાં છે. જેમ કે

શિવસાગર પબ્લિકેશન્સ (સીટી લાઈફ)
મૌર્ય મિડિયા
યુરેનસ બુક્સ
હર્ષલ પબ્લિકેશન્સ

# 11. ત્વચા ગોરી કરવા ફલાણુ ક્રીમ લગાડો –હવે સફારીમાં જાહેરખબરો કેમ નથી આવતી?

હવે શબ્દનો મતલબ  એટલો જ કે એક સમયે સફારીમાં કેટલીક મર્યાદિત વ્યાપારીક જાહેરખબરો આવતી હતી. હવે સફારીએ સદંતર જાહેરખબરો બંધ કર્યા પછીય વાચકો આગ્રહ કરતાં રહે છે કે શા માટે નથી લેતા જાહેરખબર? એમાં વળી એક વાચકે તો એવુ પૂછ્યુ કે તમારા પ્રકાશનોની જાહેરખબર લો છો, તો બીજી વ્યાપારી જાહેરખબર લેવામાં શો વાંધો? તેનો જવાબ અંક નંબર ૨૨૩ માં સફારીએ આપ્યો છે –‘ઘણીખરી વ્યાપારી જાહેરખબરો ગેરમાર્ગે દોરનારી હોય છે અગર તો તેમના દાવાઓમાં અતિશયોક્તિ હોય છે. અમુક યા તમુક પીણા વડે ઊંચાઈ વધારો, ત્વચા ગોરી કરવા ફલાણુ ક્રીમ લગાડો, વધુ પાવરફુલ મોટર બાઈક ખરીદો અને વધુ સ્પીડે ભગાવો વગેરે જેવી જાહેરખબરો છાપીને આવક મેળવવાનો અર્થ નથી.’ અગાઉ પણ એક વાચકે આવો સવાલ કર્યો ત્યારે ૧૬૮મા અંકમાં સફારી તેઓ વ્યાજબી અને વિગતવાર ખુલાસો કર્યો હતો.

આગળ નોંધ્યુ એમ સફારીનો શરૃઆતી કાળ ભારે સંઘર્ષપૂર્ણ હતો. એટલે જે જાહેરખબરો લીધી એ ન લીધી હોત તો પાંચમાં પ્રયાસે પણ સફારી માટે ટકી રહેવું મુશ્કેલ બન્યું હોત. જોકે એ જાહેરખબરોમાં પણ ચોક્કસ લેવલ જળવાતુ હતું. બાળ-ઉપયોગી સામગ્રી હોય અને જેનાથી નુકસાન ન થાય એમ હોય એવી જ જાહેરખબરો ઘણું કરીને આવતી હતી. જેમ કે અંકુર હોબી સેન્ટર, ગજાનન હોબી સેન્ટર,  મશર ઈલેક્ટ્રોનિક ઈન્સ્ટીટયૂટ.. વગેરે જેવી. તો વળી પ્રિન્ટિંગ ટેકનોલોજી અને કાગળ સબંધિત જાહેરખબરો પણ આપણે સૌએ જોઈ છે. પણ કોઈ નુકસાન પહોંચાડે એવી પ્રોડક્ટ-સેવાની જાહેરખબર આવી નથી. ક્યારેક આખા પાંનાની જાહેરખબર પણ આવતી. જેમ કે અંક નંબર ૧૦૦માં ઊંજા શંખપુષ્પીની આખા પાનાંની જાહેરાત હતી. એ પહેલાં ૯૨ અંકના ત્રીજા કવર પર ગાંધી એસોસિએટ્સની ફૂલ પેજ કલરીંગ એડવર્ટાઈઝમેન્ટ હતી. સંભવત ૧૫૦મા અંક પછી સફારીએ જાહેરખબરો લીધી નથી. એ અંકમાં પ્રિન્ટિંગ પ્રેસની એડ હતી.

આર્થિક ઉપાર્જન થાય એવી કમર્શિયલ જાહેરખબર હવે સફારી નથી લેતું. પણ ક્યારેક લોકહિતમાં હોય તો કેટલીક જાહેરખબરો વિનામૂલ્યે છાપી છે. છેલ્લે આવી વિનામૂલ્યે છપાયેલી જાહેરખબર ૨૩૨મા અંકમાં હતી. એ એડ આર્થિક રીતે પછાત બાળકોને અક્ષરજ્ઞાન આપવા અંગેની હતી.

*બુદ્ધિશાળી વાચકો માટે બુદ્ધિશાળી જાહેરાતો..*

સફારીમાં તેનાં જ પ્રકાશનોની જાહેરખબરો આવે છે. એ વળી વાચકોની પણ ડિમાન્ડ હોય છે. કેમ કે નહીંતર તો કેમ ખબર પડે કે ઘણા સમયથી આઉટ ઓફ પ્રિન્ટ જાહેર થયેલું પુસ્તક ‘કોસ્મોસ’ હવે મળશે? હવે તો નથી આવતી પણ

ચાલુ હતું ત્યારે 'સીટી લાઈફ'ની જાહેરખબરો પણ આવતી. એક સમયે સફારીમાં તેનાં બુદ્ધિશાળી વાચકો માટે ભારે બુદ્ધિપૂર્વકની જાહેરખબરો આવતી. એ જાહેરખબરો હતી આગામી અંકના આકર્ષણોની.
અંક નંબર ૮૦માં મનિયો મસ્તીખોર ગુપ્ત માહિતી આપતો હોય એમ પત્ર લખીને આગામી અંક ૮૧ દળદાર હોવાનો ખુલાસો કરે છે. અગાઉ પાસટાઈમ પઝલ્સની જાહેરાત કરવા ખુદ મહાવિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઈન અંક નંબર ૬૭માં 'હાજર' થયાં હતાં. એવી જાહેરખબરોને કારણે જ તેને વાંચવાની પણ મજા પડે છે.

---

# 12. સફારીના વિભાગોઃ સમાયા છે, એક 'સફારી'માં અનેક સફરનામા!

'હું તો હાથમાં સફારી આવે એટલે પહેલાં ફલાણો વિભાગ વાંચુ..' જેમ કે એક વખત એવુ બન્યું કે પછી ફેક્ટ ફાઈન્ડર કે પછી જોક્સ.. દરેક વાચકનો કોઈને કોઈ પ્રિય વિભાગ હોવાનો. સફારીના વાચકો સફારી જેટલી જ નિકટતાથી સફારીના વિવિધ વિભાગો સાથે જોડાયેલા છે. સફારીના શરૃઆતી અંકોમાં તો કેટલા વિભાગ આવતા તેની જાણકારી મારી પાસે નથી. પણ 'ગેલ, ગમ્મત અને ગપસપ' વિભાગ કદાચ બહુ પહેલેથી આવે છે. ગેલ, ગમ્મત અને ગપસમાં નામ પ્રમાણે જ ગેલ કરાવતા જોક્સ, ગમ્મત કરાવતા કોયડા અને ગપસપમાં સરપ્રદ માહિતી આવતી હતી. વચ્ચે ઘણા અંકો સુધી જોક્સ ગૂમ થઈ ગયા હતાં. હવે ફરી આવે છે, પણ નિયમિત રીતે નહીં. ગેલ, ગમ્મત અને ગપસપ વિભાગ પણ નથી આવતો. એટલે હવે સફારીનો સૌથી લાંબો ચાલનારો વિભાગ ફેક્ટ ફાઈન્ડર ગણવો રહ્યો કેમ કે છેક ૪૫મા અંકથી એકેય વખત ગેરહાજર રહ્યા વગર આવ્યો છે (જેની વિગતવાર વાત આપણે કરી ચૂક્યા છીએ).

નવો વિભાગ શરૃ થાય એટલે કાં તો અંકના કવર પર અને કાં તો આગલા અંકના તંત્રીના પત્રમાં તેની જાણકારી આપવામાં આવતી હતી. ૮૫મા અંકથી સફારીએ અત્યંત મહત્ત્વનો અને શકવર્તી ફેરફાર કર્યો. એ ફેરફાર એટલે 'બુદ્ધિશાળી બાળકો'માંથી 'બુદ્ધિશાળી વાચકો માટેનું મેગેઝિન'. કેમ કે જે બાળકોએ સફારી વાંચવાનું શરૃ કર્યું હતું, એ હવે મોટાં થયા હતાં અને બુદ્ધિશાળી પણ બન્યાં હતાં. સફારીની એ ટેગલાઈન ત્યારથી વણબદલાયેલી છે. જોકે સાવ શરૃઆતમાં આ બન્ને પૈકીની એકેય લાઈન ન હતી, તેને બદલે ત્રીજી ઓળખ હતી –'જ્ઞાન વિજ્ઞાનનું બાળ પાક્ષિક (ત્યારે પાક્ષિક હતું)'. શરૃઆતના કોઈ અંકોમાં આવી ટેગલાઈન પણ આવતી પરંતુ એ અંકોમાં મહિનો-વર્ષની નોંધ ન હોવાથી તેનો કળખંડ જાણી શકાતો નથી. આ મુદ્દો આમ તો સફારીના ફેરફાર સબંધિત છે, પણ એ ફેરફાર સાથે જ સફારીમાં કેટલાક વિભાગો ઉમેરાયા હતાં. જેમ કે ૮૫મા અંકમાં આપણે પહેલી વખત એક વિભાગ વાંચ્યો, એનું નામ 'બનાવ અને બેકગ્રાઉન્ડ'.

- બહુ પહેલાના અંકોમાં 'સ્ટુડન્ટ સેક્શન' નામનો વિભાગ આવતો, જેમાં વિદ્યાર્થીઓને ખાસ ઉપયોગી થાય એવા વિષયોની સમજાવટ આવતી. અંક નંબર ૬૩ માં છે, ઊર્જા, અંક ૫૫માં અગ્નિબળતણ વગેરે.

– 'નોટબૂકમાં નોંધી લો..' વિભાગ સર્વવ્યાપી છે . એટલે કે વિવિધ પ્રકારના લેખો સાથે હોય છે. વિષયનુ બંધન નથી કેમ કે મૂળ તો તેનો ઉદ્દેશ એક્સ્ટ્રા ઈન્ફર્મેશન પિરસવાનું છે. એવો એક વિભાગ 'આઈન્સ્ટાઈન અને સાપેક્ષવાદ'ની સિરિઝ વખતે જોવા મળ્યો હતો. 'એક નજર આ તરફ..' અને 'બીજી નજર આ તરફ..' જોકે એ વિભાગ પછીથી બહુ દેખાયા નથી.

– 'ફોર યોર ઈન્ફર્મેશન' વળી ચાર-પાંચ પેટા વિભાગનો બનેલો વિભાગ હતો. એમાં 'પર્યાવરણ અને પ્રદૂષણ', 'નવી માહિતી', 'નવું સંશોધન', 'ડેટાબેન્ક ડોટકોમ' વગેરે વિભાગો આવતાં.

- 'ડેટાબેન્ક' કરીને બીજો વિભાગ પણ શરૃ થયો હતો, જેમાં આંકડાકીય માહિતી પર વધારે ભાર મૂકાયો હતો. એ વિભાગ બહુ નાનો હતો. 'વાયકા અને વાસ્તવિકતા' વિભાગ પણ શરૃ થયો હતો. ફોર યોર ઈન્ફર્મેશન વિભાગ સમય જતાં નાનો થતો ગયો હતો અને પછી તો અંક નંબર ૧૭૯માં માત્ર એક જ પાનાંનો હતો! ક્યારેક વળી તેમાં બે પાનાં આવતા તો ક્યારેક ત્રણ.

'નવું સંશોધન' વિભાગ પણ ઘણા અંકો સુધી આવ્યો છે. જેમાં કોઈ લેટેસ્ટ સંશોધનની માંડીને વાત કરવામાં આવતી હતી. એવો જ બીજો વિભાગ હતો 'શોધ અને શોધકો'. તેમાં કેટલાક જાણીતા શોધોના અજાણ્યા શોધકોની તો વળી જાણીતા શોધકોની અજાણી શોધોની વાત થતી હતી. એ સિરિઝમાં પહેલો લેખ બાઈસિકલની શોધ અંગેનો હતો.

– સત્યકથાનો કોઈ અલગ વિભાગ ન હતો, પણ વિવિધ અંકોમાં એ આવતી રહેતી. સત્યકથા ઘણી વખત બહુ લંબાઈ જતી તો તેના કારણે આસાન અંગ્રેજી કે ગેલ-ગપસપ વિભાગો ડ્રોપ પણ કરવા પડયા છે. ક્યારેક ફેક્ટફાઈન્ડર જેવો વિભાગ ટૂંકાવ્યો પણ છે, જેવી વાચકોને કોઈ ફરિયાદ રહેતી ન હતી. કેટલાક કિસ્સામાં નાછૂટકે સત્યકથાનાય બે હપ્તા કરવા પડયાં છે.

– વાચકોના પત્રોનો વિભાગ માત્ર પ્રતિભાવ માટે હોવા છતાં પણ રસપ્રદ છે. અહીં સફારી વાચકોને જવાબો આપે છે, ભુલ સુધારણાની નોંધ કરે છે, હૈયાધારણા આપે છે અને જરૂર પડયે તો ડાયાગ્રામ-ગ્રાફિક્સ-ફોટા આપીને સમજાવે પણ છે.

– 'એક વખત એવુ બન્યું'ની લોકપ્રિયતાનો આજે તો કોઈ પાર નથી. પણ શરૃઆતમાં એ વિભાગ બહુ નાનો હતો. જેમ કે અંક નંબર ૧૦૮માં માત્ર ત્રણ પાનાંનો લેખ હતો, જેનું કોઈ અલગ હેડિંગ ન હતું. એ જર્મન મનવાર એમ્ડેન, વીર સાવરકર, કાળાપાણીની જેલ બધાનું કનેક્શન છત્તું કરતો લેખ હતો. અલગ હેડિંગ શરૃ થયા ત્યારે પણ 'જ્યારે..'થી શરૃ થતા હેડિંગો શરૃઆતમાં નહોતા આવતા. ૧૧૫મા અંકમાં એક વખત એવુ બન્યું હેઠળ જે લેખ છે, તેનું હેડિંગ આવુ છે, 'રોના સુપરસ્પાય રામેશ્વરનાથ કાઓની યાદને સદાબહાર બનાવતો બનાવ'. એ

વિભાગમાં લેખકનું નામ પણ નહોતું આવતું. અંક નંબર ૧૧૦માં એક વખત એવુ બન્યુંનું કોઈ હેડિંગ નથી. જોકે વાત ૧૯૯૨ના વર્લ્ડકપની ઈંગ્લેન્ડ-આફ્રિકા વચ્ચેની સેમીફાઈનલની હતી, ૪ પાનાંમા.

એક વખત એવુ બન્યુમાં લેખક તરીકે નગેન્દ્ર વિજયના નામની શરૂઆત ૧૫૦મા અંકથી થઈ. એ લેખ હતો – રશિયાએ તોડી પાડેલા અમેરિકન જાસૂસી વિમાન અંગેનો. (નોંધ- આ સિરિઝ ચાલુ છે ત્યારે રિલિઝ થયેલી થયેલી સ્પીલબર્ગ-ટોમ હેન્ક્સની ફિલ્મ ‘બ્રિજ ઓફ સ્પાય્સ’ આ ઘટનાક્રમ પર જ આધારિત છે.) એક વખત એવુ બન્યુનાં કેટલાક લેખો મને એટલા બધા ગમે છે, કે હું એ વારંવાર વાંચતો રહુ છું. અને દર વખતે નગેન્દ્ર દાદા પ્રત્યેનો મારો આદર વધતો જાય છે.
– ૧૦૦ પછીના કોઈક અંકોમાં ‘ઈન્ફોગ્રાફિક્સ’ વિભાગ પણ શરૃ થયો હતો, જેમાં લેખ ઈન્ફોગ્રાફિક તરીકે આપવામાં આવતો હતો. એ વિભાગ બહુ ચાલ્યો નહીં. એ વિભાગ વર્ષો પછી ૨૦૯માં દેખાયો હતો. સામાન્ય રીતે ન જોવા મળે એ રીતે આડા લે-આઉટમાં ઊંડા સમુદ્રમાં ઉતરવા અંગેના સાહસનો લેખ હતો.

– પ્રોફેસર ફરગેટના વિવિધ પ્રયોગો પ્રોફેસરનું મન પડે ત્યારે આવતાં હતાં. પ્રોફેસરને તો ફરજ કેમ પાડી શકાય! જોકે ફરગેટ છેલ્લે ક્યાં અંકમાં દેખાયા હતાં કોઈને યાદ છે? ફરગેટનો ઉલ્લેખ છેલ્લે અંક નંબર ૨૨૨માં હતો. એ લેખ હતો – ‘વિજ્ઞાની પ્રો.ફરગેટ રિટાયર થયા પછીયે તેમનો પીછો ન મૂકતું રોજિંદા જીવનનું વિજ્ઞાન.’ એટલે કે ફરગેટ સાહેબ નિવૃત્ત થઈ ગયા છે. તો પણ તેમનું મન પડશે ત્યારે સફારીમાં હાજરી પુરાવશે. પણ વાચકો તેમને બહુ મીસ કરે છે.

– સફારી વાંચી વાંચીને આઈ.ક્યુ. તો વધે જ ને! એ માપવાની સગવડ પણ સફારીએ આપી છે. છેલ્લે જાતે આઈ.ક્યુ.માપવાનો વિભાગ ૧૯૯મા અંકમાં હતો. એ પહેલા પણ બેએક વખત એવું માપપત્રક આવ્યુ હતું. જવાબો જોઈ જોઈને આઈ.ક્યુ.માપીએ તો આપણી આઈ.ક્યુ. જ સૌથી વધારે આવે! વાચકોએ એવા પ્રયોગો કર્યા જ હશે ને!

– બુદ્ધિશાળી વાચકો માટેનું સામયિક થયા પછી સફારીમાં ઈનામી કોયડા સ્પર્ધાઓ ઘટતી ગઈ અને હવે તો સાવ જ નથી આવતી. પણ કેટલાક એવા સદ્ભાગ્યશાળી વાચકો હશે જેમને સફારીના અસાધારણ ઈનામો મળ્યાં હશે. અલબત્ત, માર્કેટમાં ઉપલબ્ધ કેટલાક સામયિકોને પોતાની ગુણવત્તા પર એટલો બધો અવિશ્વાસ છે કે એ મેગેઝિન સાથે ક્યારેક શેમ્પૂ તો ક્યારેક કપડાં ધોવાના સફેદ પાવડરનાં પડીકા મફત આપે છે. આપકા મેગેઝિન મુજસે જ્યાદા સફેદ કૈસે!

સફારીના બધા તત્વોમાં જ્ઞાનવૃદ્ધિનો એક જ ઉદ્દેશ રહેતો એટલે મોડેલ વિમાનો, રંગીન પોસ્ટર, જાતે બનાવવાની કીટ.. વગેરે ઈનામા મળતું. એટલે એ ઈનામો હાથ લાગ્યા પછી પણ બુદ્ધિ ખિલવ્યા વગર અને તર્કને તેજ કર્યા વગર તેનો લાભ લઈ શકાતો ન હતો. એવું એક સુર્યમાળાનું પોસ્ટર તો જોકે મારી પાસેય છે.
૬૪મો અંક વેકેશન હતો, કિંમત ૧૫ રૃપિયા હતી (મે ૧૯૯૮માં) અને સાથે ટાઈટેનિકનું કલરફૂલ પોસ્ટર ફ્રી હતું. એ પોસ્ટર રાજેશ બારૈયાએ તૈયાર કર્યું હતું. ઈન્ટરનેટ યુગમાં હવે એવા પોસ્ટરોની કદાચ નવાઈ ન લાગે, પણ તેની સાથે જે જ્ઞાન અને રોમાંચ હતો તેનો કોઈ વિકલ્પ નથી. કોયડા પુછાય એમાંય વળી ઐતિહાસિક પાત્રો આવતાં હતાં. જેમ કે અંક નંબર ૪૧ના કોયડામાં હિટલર પકડાય કે ભાગી છૂટે તેનો ગૂંચવાડો ઉકેલવાનો હતો.

– ત્યારે સફારી બાળકોનું મેગેઝિન હતું. તેમાં સીધો જ ‘ભૌતિકશાસ્ત્રીઓને ભોંઠા પાડતા સાપેક્ષવાદ’નો લેખ આવે તો બાળકો ક્યાંથી વાંચે? માટે સફારીમાં શરૃઆતમાં ચિત્રવાર્તાઓ આવતી. ટેરર બર્ડના આતંકની કથા હતી એકાદ અંકમાં. તેરમાં અંકમાં સુપરફાઈટર આલ્બાટ્રોસનાં અદભૂત પરાક્રમો હતાં. ૮મા અંકમાં ટોમ ટાયલરના પરાક્રમોની ચિત્રવાર્તા ૧૬ પાનાં ભરીને આપી હતી. અને એ ચિત્રવાર્તા વચ્ચે એકાદ કલરીંગ પાનું પણ આવતુ હતું, જેમાં બોર્ડગેમ પણ આવતી હતી.

– કહેવાય ભલે સવાલ પણ તેનું મહત્ત્વ લેખ કરતાં ઓછુ નથી. એટલે જ તો ઘણી વખત સુપર-સવાલનો વિષય સફારીનું કવર બને છે. જોકે ૬૭માં અંકે સુપર સવાલ શરૃ થયો ત્યારે તેના માટે અડધું પાનું ફાળવવામાં આવ્યુ હતું. એ વખતે આજની જેમ છેલ્લા કવર જેટલું મોભાદાર સ્થાન ન હતું. માટે સુપર સવાલ ફેક્ટફાઈન્ડર વિભાગ પુરો થાય ત્યાં આવતો હતો. સૌથી પહેલો સુપર સવાલ અદૃશ્ય માનવી અંગેનો હતો. આમ તો પ્રમોશન થાય ત્યારે આગળ વધવું જોઈએ પણ સફારીમાં ૯૩મા અંકથી સુપર સવાલ છેલ્લા કવર પર ખસેડાયો એ તેનું પ્રમોશન હતું. પછી તો ચશ્માંના નંબર કેમ આવે એવો અમારા જેવા વાચકોએ પૂછેલો સવાલ સુપર બન્યો ત્યારે અમારા હરખનો પાર રહ્યો ન હતો.

– એક જ વિષય પર સવાલ કરીને જવાબ આપતો ‘સુપર ક્વિઝ’ વિભાગ શરૃ થયો ૭૩મા અંકે. હવે તેની સાથે ‘ક્વિક ફાયર ક્વિઝ’ પણ આવે છે. શરૃઆતમાં આજના જેવો વૈભવ સુપર ક્વિઝના ફાળે હતો નહીં. એક પાનામાં જ સુપર ક્વિઝ શરૃ થઈ પુરી થઈ જતી હતી. અને વળી જવાબો પણ આજની જેમ ટૂકનોંધને બદલે એક શબ્દોમાં ઉત્તર આપો પ્રકારના રહેતાં હતાં. ધીમે ધીમે વિભાગ જામતો ગયો અને સવાલ તથા જવાબો લંબાતા ગયા. વિવિધ થીમ પસંદ કરીને તેની અકલ્પનિય માહિતી આપવાની અને માહિતી રજૂ કરવાની સુપર ક્વિઝની શૈલી અનોખી છે. હું ઘણી વખત સફારી હાથમાં આવ્યા પછી પહેલો એ વિભાગ વાંચી નાખુ છુ. એ પહેલાં ૫૦મા અંકમાં ‘ક્વિઝ સ્પર્ધા’ પણ હતી. તેમાં દસ સવાલો જવાબોના વિકલ્પો સાથે પુછાયા હતાં. મારા જેવા અબુધ વાચકો સવાલ પુરો થાય ન થાય ત્યાં જવાબ વાંચી લેતા હતાં. શરૃઆતમાં માત્ર સુપર ક્વિઝ શબ્દો હતાં. પછીથી તેની વિશિષ્ટ ઓળખ આપતી ટેગલાઈન ‘જનરલ નોલેજની સેલ્ફ ટેસ્ટ’ ઉમેરાઈ હતી. લેખક તરીકે કેટલાક અંકો સુધી હર્ષલ પુષ્કર્ણાનું નામ પણ આવતુ હતું.

# 13. જુના અંકોઃ કોઈ તો બતાવો અમને એક કવર!

પૃથ્વી પરથી ડાયનાસોર કેમ નષ્ટ થયાં હશે કે પછી બ્રહ્માંડનો જન્મ કઈ રીતે થયો.. એ સવાલોના જવાબો શોધવાની વિજ્ઞાનીઓને જેટલી ઉત્સુકતા છે, એટલી જ ઉત્સુકતા મારા જેવા વાચકને જુના અંકો મેળવવાની-વાંચવાની રહે છે.

સફારીએ જોકે જુના અંકો ખરી દવા માંગતા અનેક વાચકોના હિતમાં વારંવાર સ્કીમ રજૂ કરી હતી. પરિણામે ડિસ્કાઉન્ટ દરે મિસ થયેલા અંકો મેળવી શકાતા હતાં. એક વખત તો એવી સ્કીમ પણ હતી કે દસ કે તેનાથી વધુ અંકો ખરીદનારને રૂપિયા ૨૦ની કિંમતનો ‘કમ્પ્યુટર પ્રથમ પરિચય’ અંક ફ્રી! કેટલાક વાચકો જોકે જુના અંકો ખરીદ્યા પછી સખણા બેસતા નહીં. એ અંકોમાં આપેલી ઈનામી કોયડા સ્પર્ધાના જવાબો ઈનામની લાલચે મોકલી આપતા હતાં. પરિણામે સફારીએ નોંધ મૂકવી પડી હતી કે જુના અંકો ભલે ખરીદો પણ તેની કોયડા સ્પર્ધા માટે ભેજુ દોડાવાનું બંધ કરો કેમ કે તેના ઈનામો તો જે-તે અંક પ્રથમ વાર પ્રગટ થયો હોય ત્યારે જ આપી દીધા હોય છે (અંક ૬૫). જૂનો એક અંક પ્રગટ થાય તો તેની જાહેરાત પણ સફારીમાં આવતી. જુના અંકો ખરીદવાની સ્કીમ છેક ૧૪૧ નંબર સુધી (નવેમ્બર ૨૦૦૫) જોઈ છે. હવે એ સ્કીમ સદંતર બંધ છે. કેમ કે થોડા વાચકો માટે સફારીના જૂના અંકો ફરી છાપવાનું શક્ય નથી. તેના બદલામાં સફારીના હવેના અંકોમાં અગાઉ છપાઈ ગયેલા લેખો નવાં સ્વરૂપમાં-અપડેટ માહિતી સાથે પ્રગટ કરે છે. એટલે હવેના ઘણાખરા અંકોમાં એકાદ જુનો લેખ જોવા મળે છે, પણ સફારીના શરૂઆતથી વાચકો હોય તો જ એ વાતની ખબર પડે. એ રીતે વાચકોની જ્ઞાનભૂખમાં ખોટ ન પડે તેની સગવડ સફારીએ કરી આપી છે.

દર વર્ષે દિવાળી અંક પછી સફારી ‘બેસ્ટ ઓફ સફારી’ અંક આપે છે. નામ પ્રમાણે તેમાં સફારીમાં જ અગાઉ છપાઈ ગયેલા ઉત્તમ લેખો નવી માહિતી-અપડેટ સાથે રજૂ થાય છે. લવાજમ ધારકોને પણ એ અંક ઘરેબેઠા મળતો નથી. ખરીદવો પડે છે. કેમ કે એ બેસ્ટ ઓફ સફારી છે. ડિસેમ્મ્બર ૨૦૦૧માં બહાર પાડેલા બેસ્ટ ઓફ સફારીના સંપાદકના પત્રમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે જૂના અંકો મળે નહીં અને બધાનું પુનઃ મુદ્રણ શક્ય નથી. માટે જુના અંકોના બેસ્ટ લેખો બેસ્ટ ઓફ સફારીમાં રજૂ થતાં રહેશે. પ્રથમ બેસ્ટ ઓફ સફારી અંક ૩૮મા અંક પછી પ્રગટ થયો હતો. તેમાં અંક નંબર ૧થી ૮ના લેખોનો સમાવેશ કરાયો હતો.

જોકે એ વાત તો સારી છે કે જુના અંકોના લેખો નવા અંકોમાં વધુ મજેદાર રીતે પ્રગટ થાય.. પણ મારા જેવા વાચકોની સમસ્યા બીજી છે. જુનો અંક હાથમાં લઈ, પાનાં ફેરવવીને, જોવા-વાંચવાનો જે રોમાંચ છે, એ રોમાંચ નવા અંકમાં પ્રગટ થયેલા લેખમાં નથી. એટલા પૂરતાંય જૂના અંકોની સતત શોધ કરવી પડે છે.

# 14. કોઈ કહી શકશે 'સફારી'મા તંત્રીનો ફોટો કેટલી વખત છપાયો છે?

સફારીના તંત્રી-સંપાદક-લેખકોને મળવા-જોવાની ઘણા ખરા વાચકોને ઈચ્છા હોય જ. કેમ કે સફારીમાં થતી શાબ્દીક ક્રાંતિના સર્જકો કોણ છે, કેવા લાગે છે, કેવડાં છે..? વગેરે માનવ સહજ કૂતુહલતા પ્રગટ થયા વગર રહે નહીં. એટલે કેટલાય વાચકો સફારીના તંત્રી-સંપાદકને મળવા પહેલેથી સમય લઈને સફારીના કાર્યાલયે પહોંચી જતાં હોય છે. પણ બધા વાચકો માટે એ શક્ય નથી. એ વાચકોને સફારીમાં છપાયેલા તંત્રીના ફોટાથી સંતોષ માનવો રહ્યો.. પણ ફોટો છપાશે ક્યારે? અલબત્ત, સદ્ભાગ્યે અત્યાર સુધીમા કેટલાક અંકોમાં તંત્રી નગેન્દ્રદાદાનો ફોટા આપણને જોવા મળ્યો છે.

અંક નંબર ૪૮માં સંભવત પહેલી વખત નગેન્દ્રદાદાનો ફોટો છપાયો હતો. 'વેકેશન ૯૬' નામના અમદાવાદમાં ભરાયેલા બાળમેળામાં સફારીનો સ્ટોલ હતો. તેની અને સફારીના સ્ટોલ પર બાળમિત્રોની ઉત્સુકતાની વિગતો પાના નંબર ૩૧ પર હતી, સફારીના તંત્રીનો ફોટો એમાં છપાયો હતો.૧૩૧માં અંકમાં તંત્રીનો ફોટો હતો. પાંચમા પાને નગેન્દ્ર વિજયના નાગરિક સન્માન સમારંભની વિગત હતી, જેમાં નગેન્દ્રદાદાનો ફોટો હતો. એ પછી ૨૦૦મુ સિમાચિહ્ન પાર કર્યું ત્યારેય દાદાની ઉપસ્થિતિ હતી. સંપાદકની નોંધ હતી, પણ સંપાદક સંપૂર્ણપણે અલિપ્ત રહી કામગીરી કરવામાં માને છે, માટે પોતાનો ફોટો છાપ્યો ન હતો. સંપાદક હર્ષલ પુષ્કર્ણાએ પોતાના બ્લોગ કે ફેસબૂક એકાઉન્ટમાં પણ પોતાનો ચહેરો દેખાય એવો ફોટો મૂક્યો નથી. કેમ કે તેઓ માને છે, કે મારો ફોટો નહીં, મારું કામ મહત્વનું છે.

'સ્કોપ' અંક નંબર ૩૬માં એક લેખ હતો બ્રહ્માંડ અંગેનો. નગેન્દ્રદાદાએ તેનું હેડિંગ કર્યુ હતું –'ખોવાયુ છે ૯૭ ટકા બ્રહ્માંડઃ શોધી આપનારને નવા વર્ષનું એક નોબેલ ઈનામ!' સંપાદકના ન છપાતા એટલે કે ખોવાયેલા ફોટા સંદર્ભે આપણે એવુ કહી શકીએ –'ખોવાયો છેઃ સફારીના સંપાદકનો ફોટો, પાડી આપનારને આવતા વર્ષનું સફારી લવાજમ!' અલબત્ત, આપણે ફોટાની જરૂર નથી. સફારી ધ્યાનપૂર્વક વાંચીએ તો પણ ઘણુય.

૨૨૨મા અંકમાં પતિયાલાના મહારાજાની મોનો રેલ અંગેનો લેખ હતો. એ લેખ સાથે ફોટામાં નગેન્દ્ર દાદા રેલવે એન્જીનમાં ઉભા હોય એવો ફોટો છે. દિલ્હી સ્થિત રેલવે મ્યુઝિમમાં એવા અનેક એન્જીનો રખાયા છે. દાદા સાથે સફારીના પરામર્શક રવજીભાઈ સાવલિયા પણ હતાં (પાનાં નંબર-૬૬). એમ વિવિધ પ્રસંગોએ તંત્રીનો ફોટો છપાયો છે. પણ કોઈ કહી શકશે એક્ઝેટ કેટલીવાર છપાયો છે?

# 15. સફારીના પાત્રોઃ ઓછા થયા છે, પણ ભૂલાયા નથી..

જોક્સ અને કોયડાની બોલબાલા હતી ત્યાં સુધી સફારીમાં વિવિધ પાત્રોની પણ હાજરી રહેતી હતી. હવે જોક્સ-કોયડાની માત્રા ઘટી છે, એટલે પાત્રો પણ થોડા ધીમા પડયા છે. તો પણ સાવ ભૂલાયા નથી. એ પાત્રોના વળી નામ જ એવા રસપ્રદ છે કે એન્ટ્રી મારતાંની સાથે જ 'ધ ઘોસ્ટ એન્ડ ધ ડાર્કનેસ'માં થોડી વાર આવીને માઈકલ ડગ્લાસ છવાઈ જાય એમ છવાઈ જાય છે.

આ રહ્યાં એ કેરેક્ટર, જેનામાં નામ પ્રમાણે ગુણ છે અને એનાથી વધારે અવગુણ!

– મફતકાકા

– છજ્ઞાસિંહ

– ગુરુબચનસિંહ

– બન્ટાસિંહ

– ઈન્સપેક્ટર આઝાદ

– પેસ્તનજી બાવા

– કરસન કડકો

– મગન માસ્તર

– જુહારમલ મારવાડી

– મનિયો મસ્તીખોર

– ટીનુ ટેણી

– ચંદુ ચૌદસિયો

– છગન છાંટોપાણી

– ચુનીલાલ

– ચીમન ચમ્બૂ

– પ્રોફેસર ફરગેટ

આ સિવાય કોઈ નામ યાદ આવે છે?

આ પાત્રોની પણ લોકપ્રિયતા છે. કેમ કે અમારા એક મિત્રએ મનિયા મસ્તીખોર નામે ફેસબૂકમાં એકાઉન્ટ ખોલાવ્યું છે!

---

# 16. અંગ્રેજી સફારીઃ આશાના કિરણો બંધ નથી થતાં

મારા જેવા વાચકોને ભલે અંગ્રેજી બરાબર વાંચતા ન આવડતું હોય, પણ અંગ્રેજી વગર તો ચાલે એમ નથી. વળી અંગ્રેજી વાચકોને પણ સફારી જેવા જ્ઞાન-પ્રવાહની જરૂર તો છે જ. માટે જ અંગ્રેજી સફારી શરૂ થયુ હતું. માર્ચ ૨૦૦૮થી અંગ્રેજી આવૃત્તિની શરૂઆત કરી હતી. તેની જાહેરાત ૧૬૬મા અંક (માર્ચ ૨૦૦૮)માં હતી. તેમાં ગુજરાતી સફારી જ ફ્લેગશિપ છે, એવી હૈયાધારણા પણ હતી. અલબત્ત, બન્નેના વાચકો અલગ છે, એટલે અંગ્રેજીવાળાઓને ગુજરાતી સાથે અને ગુજરાતી વાચકોને અંગ્રેજી સાથે ખાસ લેવા-દેવા ન હતી. એટલે જ બન્ને માટે પોતપોતાના સફારી ફ્લેગશિપ હોવાના. પણ બીજી હકીકત એ પણ ખરી કે અંગ્રેજી જેવા પાનાં અને કલર ફોટા ગુજરાતી સફારીને મળતાં ન હતાં (ફ્લેગશિપ હોવા છતાં!). વચ્ચેના બે પાનાં ભરીને અંગ્રેજી સફારીમાં ફોટોગ્રાફ આવતો હતો. એ વિભાગનું નામ 'મેગા પિક્સેલ' હતું. અને ગુજરાતી સફારીના પત્રોમાં પણ મેગા પિક્સેલ વિભાગના વખાણ છપાતા હતાં (અંક ૨૧૨).

ઓગસ્ટ ૧૯૮૫માં પ્રગટ થયેલા સફારીના પહેલા અંકમાં મુખ્ય લેખ રોબોટ અંગેનો હતો. ૨૩ વર્ષ પછી શરૂ થયેલા અંગ્રેજી સફારીના બીજા અંકનો મુખ્ય લેખ રોબોટ અંગેનો હતો. કવર પર હેડિંગ હતું: 'ઓલ અબાઉટ રોબોટ્સઃ ફ્રોમ ટેક્ટફૂલ ટોય્ઝ ટુ હાઈ-ટેક હ્યુમોનોઈડ્સ'. અંગ્રેજીના પહેલા અંકનો મુખ્યલેખ સ્પેસ શટલ અંગેનો હતો. અંગ્રેજી સફારીમાં પણ ગુજરાતી સફારી જેવા જ વિવિધ વિભાગો હતા, અંગ્રેજી પેઢીને રસ પડે એવી વાંચન સામગ્રી હતી અને ખાસ તો ગૂગલિંગ કરવાથી ન મળે એવો વૈચારિક ખોરાક હતો. સફારીનું એ પગલું હરણફાળ ભરવા જેવુ હતું. પણ અંગ્રેજી વાચકોએ સફારીને જોઈએ એટલો આવકાર આપ્યો નહીં હોય એટલે (અથવા બીજા કોઈ કારણસર) હવે સફારી બંધ કરી દેવાયુ છે. અને જોવાની વાત એ છે કે અંગ્રેજી સફારી બીજી વખત બંધ થયું છે. ૧૯૯૫માં અંગ્રેજી સફારી નીકળ્યુ હતું અને તેનો એક અંક આવ્યો હતો. અલબત્ત, ગુજરાતી સફારી ચાર વખત બંધ થયા પછી પાંચમી વખત બેઠું થઈ શકતું હોય તો અંગ્રેજી માટે પણ આશાના કિરણો બંધ નથી થતાં..

---

# 17. સફારીનું ડિઝિટલ વર્લ્ડઃ વેબ, બ્લોગ, મેઈલ, પેજ..!

તમને સફારીના નવા અંકની જાણકારી કઈ રીતે મળે છે? અંક પાંચમી તારીખે ઘરે આવે ત્યારે? મને ફેસબૂક પર સફારીના પેજ પર નવું કવર મૂકાય ત્યારે જાણકારી મળે છે. અને બીજા ઘણા વાચકોને પણ ફેસબૂક દ્વારા જાણકારી મળતી હશે કે હવેના સફારીમાં શું છે..

ડિઝિટલ યુગમાં સફારીએ વેબસાઈટ, ફેસબૂક પેજ, બ્લોગિંગ જેવા ક્ષેત્રોમાં પણ ખેડાણ કર્યું છે, અલબત્ત, ધીમી ગતીએ. સફારીએ વેબસાઈટ શરૂ કરી એ પહેલાં મેઈલ-આઈડી આપવાનું શરૂ કરી દીધુ હતું. અંક નંબર ૭૧માં ઈ-મેઈલ છાપ્યુ છે, જેની આગળ લખ્યુ હતું 'ઈ-મેઈલ નંબર'! એ વીએલએનએલનું મેઈલ-આઈડી હતું.અંક ૭૪થી ઈ-મેઈલ એડ્રેસ

બદલાઈને વીએસએનએલમાંથી હોટલાઈનમાં આવ્યુ હતું. એ વખતે મેઈલ નંબરને બદલે માત્ર ઈ-મેઈલ જ લખેલુ હતું. એ પછીના કોઈક અંકોમાં (મોટે ભાગે ૭૫થી) સફારીની વેબ (http://www.safari-india.com) પણ શરૂ થઈ. સફારીની વેબ શરૂ થઈ ત્યારે શરૂઆતમાં અંકોમાં તેની જાહેર ખબર આવતી. વેબસાઈટ પર પણ ક્વિઝસ્પર્ધા શરૂ થઈ હતી. વેબસાઈટ પર પિક્ચર પઝલ નામનો રસપ્રદ વિભાગ પણ આવતો જેમાં જાણીતી હસ્તીની અજાણી તસવીર મૂકવામાં આવતી. ઓળખો જોઉ કોણ છે? એ વિભાગ પછીથી સફારીમાં શિફ્ટ થયો હતો (અંક નંબર ૧૧૧). અને બંધ પણ.

અત્યારે વપરાય છે એ 'ઈન્ફો એટ સફારી ઈન્ડિયા' મેઈલ આઈડી ૧૧મી સપ્ટેમ્બર ૨૦૦૫થી અમલમાં આવ્યુ છે. એ પહેલાં વિલનેટઓનલાઈન હતું. એ પરિવર્તનની નોંધ સફારીએ અંક ૧૩૯માં મૂકી છે. અત્યારે જોવા મળે છે એ નવી વેબ જુલાઈ ૨૦૦૯થી કાર્યરત છે. ૧૮૨મા અંકમાં સફારીની વેબમાં પરિવર્તનની જાહેરખબર હતી. હવે તો ૧૯૩મા અંકથી સફારીના દરેક પાને નીચે વેબ-સાઈટ એડ્રેસ પણ મૂકવામાં આવે છે.

મેઈલ અને વેબ પછી સંપાદકે બ્લોગ (http://harshalpushkarna.blogspot.in) શરૂ કર્યો. એ વર્ષ હતું ૨૦૦૯નું. સંપાદકના બ્લોગની પહેલી વખત લિન્ક ૧૭૯ અંકના સંપાદકના પત્રની નીચે હતી. પછીના કેટલાક અંકોમાં બ્લોગની જાહેરખબર પણ આવતી હતી. બ્લોગમાં ઘણુખરુ સંપાદકનો પત્ર મૂકવામાં આવે છે. વિજયગુપ્ત મૌર્ય જન્મ શતાબ્દિ અને અન્ય પ્રકાશનો વિશેની પણ માહિતી છે. સંપાદકના ઈંગ્લેન્ડ પ્રવાસનું રસાળ વર્ણન છે. ઈંગ્લેન્ડ જવા ઈચ્છતા, ઈંગ્લેન્ડ પહોંચી ગયેલા, ઈંગ્લેન્ડ જઈ આવેલા.. સૌ કોઈએ એ વર્ણન વાંચવુ જોઈએ.

બ્લોગ પછી આગમન થયું, ફેસબૂક પેજનું (www.facebook.com/Safari.India). જોકે ફેસબૂક પેજ શરૂ થયું ત્યાર પછીના કેટલાક અંકો (૨૦૮-૨૦૯)માં સફારીના ફેસબૂક પેજની નાનકડી જાહેરાત પણ જોવા મળતી હતી. જોકે એ જાહેરખબરમાં લખાતુ હતું –જનરલ નોલેજની મસ્ત માહિતીઓ/ફોટો ક્વિઝ/રસપ્રદ વિડિઓ/અવનવી તસવીરો/અજાણ્યા સમાચારો અને બીજું ઘણું બધું… દરરોજ! – જોકે ફેસબૂક પેજની મૂલાકાત લેનારા સૌ કોઈ જાણતા હશે કે હાલ સફારીના ફેસબૂક પેજ પર આટલી બધી પ્રવૃત્તિઓ થતી નથી. જોકે વાંચન સામગ્રી સફારીમાં મળી રહે પછી વેબ-ફેસબૂક પર રાઉન્ડ ધ ક્લોક સક્રિયતાની વાચકોને બહુ અપેક્ષા પણ કદાચ નહીં હોય. સમય જતાં સફારીએ ઓનલાઈન લવાજમ સ્વીકારવાનું પણ શરૂ કર્યુ અને સફારી સ્માર્ટ ફોન -ટેબલેટની સ્ક્રીન પર પણ ઉપલબ્ધ થયું છે.

# 18. પ્રકરણ છેલ્લું: સફારી વિશે જાણવા જેવી, પણ ન જાણી હોય એવી 17 વાતો!

1. સફારીનું વાંચન વધે એટલા માટે સફારીએ વિનામૂલ્યે પણ અંકો મોકલ્યા છે. અંક ૭૪ના તંત્રીના પત્રમાં આમંત્રણ હતું કે આગામી અંક ૭૫મો છે. એ અંક વિશેષ છે. તમને એમ લાગતું હોય કે કોક સગા-મિત્રોને વાંચવુ ગમશે તો તેનું સરનામુ અને પોસ્ટ પુરતી સાત રૂપિયાની ટપાલ ટિકિટ સફારીને મોકલી આપો. સફારીએ વાચકોને વિનામૂલ્યે અંક મોકલશે. સફારીને પોતાનો પ્રચાર કરવાની જરૂર નથી પડતી. પણ ક્યારેક વાચકો વાતની ગંભીરતા સમજે એટલા માટે અપીલ કરવી પડે છે. કેટલાક અંકોમા સફારીએ વાચકોને અપીલ કરી છે કે જો તમને આ અંકના અમૂક લેખો ગમ્યા હોય અને તમે સહમત થતાં હો તો તામારા મિત્રો-સગાઓને પણ એ વંચાવો. એ માટે પંદર રૂપિયાથી વધારે ખર્ચ કરવાનો નથી. જેમ કે અંક નંબર ૧૧૬માં જાપાનીઓએ આંદામાનમાં ગુજારેલા આતંકની કથા છે, પરમવીર ચક્રની રચનાની વાત છે.. તેમાં ખુદ નગેન્દ્ર દાદાએ આ પ્રકારની અપીલ કરી છે (પાના નંબર ૧૪). અંક ૨૧૧નો સુપર સવાલ ડાયાબિટિસ અંગે હતો. તેની પૂર્ણાહૂતી પછી નોંધ હતી કે તમારા સગા-સબંધીઓને વંચાવો કેમ કે ડાયાબિટિસ અંને જનજાગૃત્તિ આવશ્યક છે. ખરેખર આવશ્યક છે, કેમ જ્યાં કોઈને ડાયાબિટિસ ન હોય એવુ ઘર શોધવું એ કર્ક નિહારિકાના કોઈ ગ્રહ પર રહેતાં બુદ્ધિશાળી સજીવોને શોધવા જેટલું જ મુશ્કેલ કામ છે!

2. સફારીએ અંક નંબર ૧૩૧માં જાહેરાત કરી હતી કે ‘નગેન્દ્ર વિજય સાયન્સ ફાઉન્ડેશન’ સ્થપાયુ હતું. હવે એ ચાલુ છે કે કેમ તેની કોઈ જાણકારી મળતી નથી. સંભવત બંધ છે, કેમ કે છેલ્લા ઘણા અંકોમાં તેના વિશે કશુંય વાંચવામાં આવ્યુ નથી. ફાઉન્ડેશનની પ્રવૃત્તિઓ ઘણી રસપ્રદ હતી. બીજા અંકમાં (૧૩ ૨)માં જોકે ફાઉન્ડેશન માટે ફાળો આપનારા દાતાઓની નામાવલી પણ હતી. ફાઉન્ડેશનની વેબસાઈટ પણ હતી, એનવીએસએફઈન્ડિયા ડોટ ઓર્ગ. સફારીનો અંકનું ઓડિયો બૂક (શ્રાવ્ય રૂપાંતરી ઓડિયો ડિસ્ક)સ્વરૂપનું વિમોચન પણ સફારીએ એપ્રિલ ૨૦૦૫મા અમદાવાદના અંધજન મંડળ ખાતે કર્યુ હતું. સીડી અને વિમોચનની વિગતો અંક નંબર ૧૩૫ના સંપાદકના પત્રમાં હતી. એ જ અંકમાં સફારીની સીડી વિનામૂલ્યે મેળવવા શું કરવુ તેની નોંધ-જાહેરખબર હતી. સીડી નગેન્દ્ર વિજય સાયન્સ ફાઉન્ડેશનના નેજા હેઠળ તૈયાર થઈ હતી. એ સીડીમાં એપ્રિલ ૨૦૦૫નો સફારી અંક હતો, જે અંધજનો માટેનો પહેલો અંક હતો. સાયન્સ ફાઉન્ડેશનનું પણ એ પહેલું સાહસ હતું. એ રીતે પ્રજ્ઞાચક્ષુઓ માટે બ્રેઈલ સફારી તૈયાર થતુ હતું. હજુ પણ થાય છે કે કેમ એ ખબર નથી.

3. સફારીના કમ્પ્યુટરોને વાઈરસની અસર થઈ હતી. સપ્ટેમ્બર ૨૦૦૧માં આવેલા નિમડા વાઈરસે સફારીના કમ્પ્યુટરોમાં ઘૂસણખોરી કરી હતી. પરિણામે સફારીને મળેલા વાચકોના ઈ-મેઈલ ઊડી ગયા હતાં. એટલે પછીના અંકમાં સફારી વાચકોના ઈ-મેઈલ પ્રગટ કરી શક્યુ ન હતું. તેની સફારી એ સખેદ નોંધ લીધી હતી (અંક-૯૭).

4. ૭૬ નંબરમાં એડોલ્ફ આઈકમાનની સત્યકથાનું અનુસંધાન પાનાં નંબર ૬૭ પર છે. પછી ફરી ત્યાંથી પણ અનુસંધાન પાના નંબર ૭૨ પર છે. અનુસંધાનનું પણ અનુસંધાન!

5. ૨૦૦૧માં આવેલા કંપ વખતે સફારીનો ૮૯મો અંક ઘણોખરો તૈયાર થઈ ગયો હતો. પણ ભુકંપ વિશે માહિતી આપવા અંક ફરીથી તૈયાર કરાયો અને ભુકંપ અંગેની શક્ય એટલી માહિતી સમાવી લેવાઈ (સંપાદકનો પત્ર ૮૯). એવી સ્થિતિ ફરી હમણાં નેપાળમાં આવેલા ભુંકપ વખતે થઈ હતી. તૈયાર થઈ ગયેલા અંકમાં ફેરફાર કરીને ભુકંપની વાંચન સામગ્રી સમાવાઈ હતી. ૮૯માં અંકમાં કચ્છના ભુકંપમાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ પણ આપી હતી. શોક પાળવા સફારીએ પહેલી વખત ૧૯૮૦થી ચાલ્યો આવતો ગેલ-ગમ્મત-ગપસપ વિભાગ પડતો મૂક્યો હતો. કેમ કે એક તરફ હજારો લાશો રખડતી હોય ત્યારે આપણે સફારી વાંચતા વાંચતા હસવાના ખિખિયાટા ન કરી શકીએ, ન જ કરી શકીએ..

6. વાચકોના પત્રોને (૯૦) સફારીએ બિરદાવ્યા છે. સંપાદકના પત્રમાં લખ્યુ છે કે વાચકોના પત્રો સફારીના ટીમ મેમ્બર માટે વિટામીન જેવા છે. વળી કેટલાક વિષયો સુજાડવામાં પણ વાચકોનો મોટો ફાળો હોય છે.

7. સામાન્ય રીતે સફારી સંદર્ભ ટાકતું નથી. દરેક વખતે જરૂર હોતી નથી, પણ ક્યારેક સંદર્ભ ઉપયોગી સાબિત થતાં હોય છે. પણ સફારીએ બહુધા ન ટાંકવાની પરંપરા જાળવી છે. પરંતુ ૧૦૨ નંબરના અંકમાં નહેરુના છબરડાથી કઈ રીતે ભારતે કાશ્મીર ગુમાવ્યુ એ અંગેનો લેખ આપ્યો (હેડિંગઃ ૧૯૪૭નું ભારત-પાક યુદ્ધઃ પાકિસ્તાનને જ્યારે ભારતે ૩૫ ટકા કાશ્મીર સપ્રેમ ભેટ આપ્યું!) તેના અંતે સંદર્ભો અપાયા હતાં. સંદર્ભ નોંધમાં લખ્યુ હતું કે લેખ તૈયાર કરવા માટે સફારીના ડેટાબેઝ અને લેખકની બહોળી જાણકારી ઉપરાંત પણ કેટલાક સંદર્ભો વાપર્યા છે. એ પછી આઠેક સંદર્ભ સામગ્રીઓ ટાંકી છે (પાનાં ૫૪).

8. સફારીનો દિવાળી અંક, વેકેશન અંક એવા વિશેષાંકો આવે છે. પણ ક્યારેક વિષય સ્પેશિયલ અંકો પણ આવ્યા છે. જેમ કે ૧૧૨ નંબર યુદ્ધ વિશેષાંક હતો! તો વળી કવર પર લખ્યુ ન હતું, તો પણ ૧૧૯મો અંક વિમાનવિદ્યા વિશેષાંક હતો.

9. ૬૦મી વર્ષગાંઠ નિમિત્તે નગેન્દ્ર વિજયનો નાગરિક સન્માન સમારોહ યોજાયો હતો. નગેન્દ્ર દાદાના ૬૦મા વર્ષના પ્રવેશના આગલા દિવસે ૧૪મી ડિસેમ્બર, ૨૦૦૪ના દિવસે અમદાવાદમાં કાર્યક્રમ થયો હોવાની જાણકારી આપણને અંક નંબર ૧૩૧માં છપાયેલા અહેવાલમાંથી મળે છે (એ હિસાબે નગેન્દ્ર દાદાને અત્યારે ૭૧મું વર્ષ ચાલી રહ્યું છે). સફારીના અંગત સલાહકાર રવજીભાઈ સાવલિયાએ એ કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. રવજીભાઈ જોકે હવે હયાત નથી. અને હા અત્યારે મહિનો ડિસેમ્બર જ ચાલી રહ્યો છે.

10. ૧૮૪માં અવકાશી સંશોધનના પરિણામે પૃથ્વી પર ઉતરી આવેલી શોધોનો લેખ હતો. તેનો બીજો ભાગ પણ હતો. અગાઉ પણ જરૂર પડયે સફારીએ ક્રમશ નેક્સ્ટ અંક કર્યો છે, પણ એવા લેખો સિરિઝ ન હતાં. કેમ કે તે બે અને ક્યારેક ત્રણ ભાગમાં પતી જતાં હતાં. આઈન્સ્ટાઈન અને સાપેક્ષવાદ, ભારત-પાકિસ્તાન યુદ્ધ, ભારત-ચીન યુદ્ધ વગેરે સિરિઝો સફારીએ આપી છે.

11. મોટેભાગે તો સફારીમાં કોઈ પ્રકાશન કોઈને અર્પણ થતું નથી. પણ 'યુદ્ધ ૭૧' નગેન્દ્રદાદાએ વિજયગુપ્ત મૌર્યને અર્પણ કરી પિતૃતર્પણ કર્યું છે.

12. પ્રકાશનોની અત્યંત ઓછી કિંમત માટે સફારીને કરીએ એટલી સલામુ ઓછી પડે. કેમ કે યુદ્ધ અંગેની (કે બીજી કોઈ પણ) આવી માહિતી આપતા અંગ્રેજી પુસ્તકોની કિંમત પાંચસોથી માંડીને પાંચ-પચ્ચા હજાર સુધીની હોય છે.

13.૧૯૨માં સફારીની સ્થાપના ઓગસ્ટ ૧૯૮૧ લખી છે. પણ પછી ૨૦૭ (ઓગસ્ટ ૨૦૧૧)માં સફારીના ૩૦ વર્ષ નિમિત્તે લખાયેલા સંપાદકના પત્રમાં સફારીની સ્થાપના તારીખ-તવારીખ ઓગસ્ટ ૧૯૮૦ લખાઈ છે. એ સિવાય પણ બહુધા ૧૯૮૦ના વર્ષની જ નોંધ છે.

14. સુપર સવાલમાં સામાન્ય રીતે નામ નથી હોતુ. પણ રેર કિસ્સા તરીકે ૨૦૧ નંબરના જવાબના અંતે લખ્યુ છે, –નગેન્દ્ર વિજય. એ સવાલ તેજસ વિમાનના સર્જન અંગેનો હતો. એવી રીતે ૨૦૭ નંબરના અંકમાં પણ હર્ષલ પુષ્કર્ણાનું નામ છે. એ સવાલ ભારતના સુપર ફાઈટર વિમાનોની ખરીદી અંગેનો હતો. ૨૦૮માં પણ ડાયેટિંગ અંગેના સવાલ પછી હર્ષલ પુષ્કર્ણાનું નામ હતું.

15, સફારીનો શતાબ્દી અંક અનેક રીતે વિશિષ્ટ હતો. તેમાં પહેલી વખત વિગતવાર સફારીની સર્જનક્રિયા વર્ણવવામાં આવી હતી. પાનાંની સંખ્યાથી માંડીને લેખોના વિષયમાં ૧૦૦ના આંકડાને પકડી રાખવામાં આવ્યો હતો. ૧૦૦મા અંકમાં છેલ્લે ૭૫થી ૯૯મા અંક સુધીનો અનુક્રમ સફારીના કવર સાથે આપવામાં આવ્યો હતો. એ પહેલાં ૭૫મા અંકમાં સફારી નંબર ૧૧થી ૭૪ સુધીનો ક્રમ અપાયો હતો. ૧-૧૦નો ક્રમ ક્યાંય પ્રગટ નથી થયો. આ ચિત્રાત્મક ક્રમને કારણે સફારીના જુના અંકોમાંથી કોઈ લેખ શોધવો બહુ સરળ થઈ જાય છે.

16. ભુલ થવા અંગેના મર્ફીના કાયદાનું આખા જગતમાં પાલન થતું હોય તો સફારીમાં કેમ નહીં? એવુ લખીને સફારીએ પહેલાં જ સ્પષ્ટતા કરી દીધી છે કે ભૂલ થાય અને તેનો કોઈ ઉપાય નથી. અને વળી સ્વામી વિવેકાનંદનું વાક્ય પણ યાદ રાખવા જેવું છે, 'જે ભૂલો તમે કરી છે એ ન કરી હોત તો તમે જ્યાં છો ત્યાં હોત ખરાં?' એટલે આપણે સફારીમાં ભુલશોધ અભિયાનમાં પડતાં નથી..

17. સફારીમાં અંગ્રેજી શબ્દો છપાય છે અને વિશિષ્ટ રીતે છપાય છે. પહેલાં ગુજરાતી શબ્દ અને પછી ત્રાંસો લીટો કરી અંગ્રેજી શબ્દ. સફારી વિશેની બહુ લાંબી ચાલેલી અને દસેક હજારથી વધુ શબ્દોમા ફેલાયેલી આ સિરિઝ અહીં પુરી થાય છે. ફરી કોઈ સમય આવશે ત્યારે સફારી અંગે બીજી વાતો પણ કરીશું.

જય વિજ્ઞાન